સુવિચાર
આંખોની ભીનાશ ભણેલા નહી, પણ પોતાના જ વાંચી શકે છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૦૬/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1939
હરિૐ PENDAWALA
રસપાત્રા
ખાંડવી
બેબી ઈડલી
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ સુદ-૨ વર્ષ : ૧૬ અંક : ૧૬૮


### વડિયા પંથકમાં અઢી ઈંચ, બાબરામાં બે ઈંચ વરસાદ

# અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારોમાં દે ધનાધન

**અમરેલી શહેરમાં બે ઈંચ તો લાઠી, બગસરામાં અર્ધો ઈંચ જેટલો વરસાદ**

**બાબાપુર, વડેરા, નવા ખીજડીયા સહિતનાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઝાંપટા પડયા**

**ખાંભામાં એક ઈંચ તો રાજુલામાં પણ અઢી ઈંચ જેટલો વરસાદ નોંધાયો**

**જિલ્લાનાં મુખ્ય શહેરમાં વરસાદથી ઠેકઠેકાણે પાણીનો ભરાવો અને ગંદકીનો માહોલ**





અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાં એક અઠવાડિયાના વિરામ બાદ ફરી વરસાદ વરસતા ખેડૂતોએ વાવેતર કરેલ ખેતીપાક પર કાચા સોના રૂપી વરસાદ વરસ્યો હતો. આજે બરાબર અષાઢ મહિનાના પ્રથમ દિવસે મેઘાવી માહોલ જામ્યો છે. ત્યારે આજે સવારથી જ અમરેલી શહેર સહિત જિલ્લાના ગ્રામ્યમાં વિસ્તારમાં હળવાથી લઈ ધોધમાર અઢી ઈંચ જેટલો વરસાદ પડયો છે.

અમરેલી તથા નજીકના બાબાપુર, વડેરા, ઈરીયા, માચીયાળા સહિતના ગામોમાં વરસાદ વરસાદ પડયો હતો.

અમરેલી શહેરમાં ધોધમાર દોઢ ઈંચ વરસાદ વરસી જતાં શહેરના રાજમાર્ગો ઉપર પાણી વહી જતાં જાણે માર્ગો નદી બની ગયા હતાં.

વડિયા શહેર તથા મોરવાડા, બરવાળા બાવળ, અનીડા, અરજણસુખ ગામોમાં પણ વરસાદ પડયો હતો.

જયારે બાબરા શહેર તથા તાલુકાના કીડી, કરીયાણા, ખંભાળા ગામમાં પણ ધોધમાર વરસાદ પડતા ગ્રામ્ય રસ્તાઓ પાણી પાણી થઈ જતાં લોકો પરેશાન થયા હતાં. જયારે બાબરાના ગ્રામ્ય પંથકમાં ઉપરવાસ વરસાદથી કાળુભાર નદીમાં પૂર આવ્યું હતું. ચોમાસાની સીઝનમાં આજે બીજી વખત કાળુભાર નદીમાં પુર આવેલ છે.

રાજુલા પંથકમાં સવારથી વરસાદ શરૂ થયો હતો. રાજુલા શહેર

અનુસંધાન પાના ૬ ઉપર

### કોઈ અગમ્ય કારણોસર પગલું ભર્યુ

## અમરેલીનાં શેડુભાર ગામનાં શ્રમિક યુવકે ખેતરમાં ઝેરી દવા પી લીધી

**સારવાર દરમિયાન યુવકે અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૨૬

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલી તાલુકાનાં શેડુભાર ગામે હિંમતભાઈ શેલડીયાની વાડીમાં રહેતા મીલેષભાઈ વેલસિંગભાઈ બામણ્યા નામના ૨૪ વર્ષિય યુવકે ગતતા. ૨૪નાં રોજ રાત્રીનાં ૯થી તા. ૨૫નાં રોજ સવારે ૪ વાગ્યા સુધીમાં કોઈપણ સમયે શેડુભાર ગામે કોઈ અગમ્ય કારણોસર વાડી ખેતરે ઝેરી દવા પી લેતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## બગસરાનાં હામાપુર ગામે મહિલાએ ગાળફાંસો ખાધો

અમરેલી, તા. ૨૬

બગસરા તાલુકાનાં હામાપુરની વતની ભૂમિકાબેન અંકીતભાઈ કુબાવત નામની ૨૧ વર્ષિય પરિણીતા જન્મથી મંદબુધ્ધિની હોય. છેલ્લા બે-એક મહિનાથી તેમના પિતાના ઘરે હામાપુર ગામે રહેતી હોય હોય. ગત તા. ૨૫નાં રોજ ૭થી ૮ વાગ્યા દરમિયાન હામાપુર ગામે ચૂંદડી વડે પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## દામનગરમાં વિકાસ કાર્યોમાં નિયમોનો ઉલાળીયો




નિયમ બનાવનાર અને તોડનાર આજે પણ વિકાસનાં રસ્તે આગળ વધી માર્ગમાં અડચણરૂપ થાય છે. નિયમો અને કાયદાઓ બનાવ્યા પછી તેનો અમલ થાય તેને તંત્ર ફરજનિષ્ઠ હોય છે. જનતાની સુવિધા અને સલામતી માટે જાહેરમાં બનતા વિકાસના કાર્યોથી સગવડતામાં વધારો થાય તે સરકાર કોઈ ઉપકાર નથી કરતી. જનતાની સુખાકારી અને સગવડતા ઉભી કરવી સરકારની ફરજ હોય છે, નહી કે કોઈ ખોટી ફાકા ફોજદારી કરીને જાહેરાતો કરાય કે આટલા લાખ કે કરોડનું કામ કર્યુ. જેટલો ખર્ચ થાય છે તેને બદલે મૂળભૂત પાયાની સુવિધા માટે કાર્યો કરાતા હોય, પરંતુ જો વિકાસના કાર્યો માટે કોઈ બાધારૂપ અથવા નિયમનો ભંગ કરે તો પછી નિયમ કે કાયદાનો કોઈ અર્થ રહે નહીં. દામનગર શહેરમાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકના માર્ગ પર બનાવાઈ રહેલ નવા નાળા માટે અપાયેલ ડાયવર્ઝન આ કામ પુરૂ ન થાય ત્યાં સુધી બનાવેલ કામ ચલાઉ માટીના પાળા વચ્ચેથી મોટું વાહન પસાર થઈ શકે એટલી જગ્યા કરીને નિયમનો ઉલાળીયો કરતાં વાહનચાલકો સામે લાલ આંખ કરવી જોઈએ. તંત્ર ધ્વારા જયાં સુધી આ નાળાનું અને માર્ગના નવીનીકરણનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી પ્રશાંસને નિયમનું પાલન કરાવવું જોઈએ. નહિ તો ગમખ્યવાર અકસ્માત થશે તો...!!?

### એક કર્મચારીએ વકીલ સામે રૂઆબ દેખાડયો

## બાબરાનાં મહેસુલી કર્મચારીએ વકીલ બાદ વકીલ મંડળનુ પણ કર્યુ અપમાન

**વકીલ મંડળે જિલ્લા કલેકટર સમક્ષ રજુઆત કરી**

બાબરા, તા. ૨૬

બાબરા મામલતદાર ઓફિસના કલાર્ક કુલદીપ હાડાએ મામલતદારની ચેમ્બરમાં મામલતદારની હાજરીમાં બાબરા વકીલ મંડળના તમામ વકીલઓ જયારે મામલતદારને કલાર્કએ કરેલ ગેરવર્તન અને દાદાગીરીની રજૂઆત કરતા હતા ત્યારે કુલદીપ હાડાએ મામલતદારની હાજરીમાં જ વકીલ મંડળ સાથે ઊંચા આવાજે અને આંગળીઓ ચિંધીને અસભ્ય ભાષામાં શબ્દપ્રયોગ કરેલ અને મામલતદારની હાજરીમાં ગેરશિસ્ત


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

અનુસંધાન પાના ૬ ઉપર


હાર્દિક અભિનંદન



શ્રી ડેનીભાઈ રામાણી
ડિરેકટરશ્રી : અ.જિ.મ.સ.બેંક લિ.

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનાં ડિરેકટર પદે અમારા પરમ સ્નેહી શ્રી ડેનીભાઈ રામાણી ની વરણી થતા અમરેલી બિલ્ડર એસોસિએશન વતી ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવીએ છીએ.


: શુભેચ્છક :
શ્રી હિંમતભાઈ સોળીયા (પ્રમુખ). શ્રી દિપકભાઈ મહેતા (ઉપપ્રમુખ)
શ્રી દયાળભાઈ સંઘાણી (ઉપપ્રમુખ) શ્રી રાજુભાઈ શીયાણી (ઉપપ્રમુખ)
શ્રી ચંદુભાઈ વોરા (મહામંત્રી) શ્રી સંજયભાઈ વાગડીયા (મહામંત્રી)
શ્રી દિવ્યેશભાઈ તળાવીયા (મહામંત્રી) શ્રી હિરેનભાઈ રાસડીયા (ખજાનચી)
શ્રી જયસુખભાઈ દેવાણી (ખજાનચી) શ્રી મહેશભાઈ જાવિયા (મંત્રી)
શ્રી સિધ્ધાર્થભાઈ ઠાકર (મંત્રી) શ્રી ચંદુભાઈ ખણેશા (સહમંત્રી)
શ્રી જયીતભાઈ મનાણી (સહમંત્રી)

: સદસ્યશ્રીઓ :
શ્રી જતીનભાઈ ચંદારાણા — શ્રી મનસુખભાઈ ચૌહાણ
શ્રી ચુનીભાઈ ગજેરા — શ્રી સંદિપભાઈ ઉમડા
શ્રી વરૂણભાઈ ધાનાણી — શ્રી ચંદુભાઈ મેતલીયા
શ્રી પારસભાઈ છાત્રોલા — તેમજ તમામ કારોબારી સદસ્યશ્રીઓ

શ્રી અમરેલી બિલ્ડર એસોસિએશન - અમરેલી



પૂ.સંતશ્રી વેલનાથબાપુ



સંતશ્રી વેલનાથબાપુનાં પ્રાગટ્ય દિન નિમિતે તેમના ચરણોમાં કોટિ કોટિ વંદન..

શુભેચ્છક
શ્રી પ્રવિણભાઈ કરકર — પ્રમુખ, નગરપાલીકા - બાબરા
શ્રી અંકુરભાઈ જસાણી — ઉપપ્રમુખ, નગરપાલીકા - બાબરા
શ્રી લીલાબેન અશ્વિનભાઈ મકવાણા — ચેરમેન : કારોબારી સમિતિ, નગરપાલીકા - બાબરા
તમામ સદસ્યશ્રીઓ નગરપાલિકા કચેરી - બાબરા
નગરપાલિકા કચેરી - બાબરા, મુ. બાબરા, જિ.અમરેલી
''સ્વચ્છતા ત્યા પ્રભુતા'' ''સ્વચ્છ બાબરા'' ''સુંદર બાબરા''



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
87,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૬/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



Krishna DINING HALL



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

## ચમારડી, ચરખા, વાવડી, લુણકી, મોટા દેવળીયા સહિતનાં ગામો તેમજ

# બાબરામાં એક કલાકમાં દોઢ ઈંચ વરસાદ

**રાજકોટ-ભાવનગર સ્ટેટ હાઈવે ઉપર પણ પાણી વહેતું થયું**

**શહેરની મુખ્ય બજારો અને સોસાયટીનાં મુખ્ય માર્ગોમાં પાણી ભરાયા**

**શહેરમાંથી પસાર થતી કાળુભાર નદીમાં ઘોડાપુર આવ્યું**

**દોઢ ઈંચ વરસાદ બાદ પણ ભારે બફારો જોવા મળી રહ્યો છે**






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૬

બાબરામાંવહેલીસવારેભારે ગરમીબાદજોરદારવરસાદશરૂથતાંએક કલાકવરસાદપડતાંદોઢથીબેઈંચપાણી પડતારાજકોટ-ભાવનગર સ્ટેટહાઈવે રોડ પણ પાણી વહેતુ થયું હતું તેમજ શહેરનીબજારોમાંઅનેસોસાયટીનામુખ્ય રસ્તાઓમાંપાણીભરાયુંહતું. જેનાકારણે સ્થાનિકરહીશોનેપસારથવામાંમુશ્કેલી થવા લાગી હતી તેમજ ગ્રામ્ય વિસ્તારના ચમારડી, ખાખરીયા, ધરાઈ, મોટા દેવળીયા, ગળકોટડી, વાવડી, લુણકી, ઉંટવડ, ચરખાસહિતગ્રામ્યવિસ્તારોમાં પણ સારો વરસાદ પડતાં મૌલાત માટે સારો ફાયદો થતા ખેડૂતોમાં હરખની લાગણી જોવા મળી હતી. જોકે સવારમાં વરસાદ પડયા બાદ બપોર બાદ હજુ વાતાવરણમાં ભારે ઉકળાટ અને ભારે બફારોજોવામળીરહ્યોહતો.

---

### સ્વચ્છતા અભિયાનનુ કોઈ પરિણામ મળતુ નથી

## જાફરાબાદના સામાકાંઠાના અમુક વિસ્તારોમાં પાણી જન્ય રોગચાળો ફેલાય તેવી દહેશત

**પાલિકા રોગચાળો ના ફેલાય તે પહેલાં ડીડીટીનો છંટકાવ કરે**



જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદ સામાકાંઠા વિસ્તારોમાં વરસાદી પાણી તથા ગટરના પાણીના અમુક વિસ્તારોમાં તળાવ જેમ ભરાયેલા હોય આ ગંદકીને ગંદા પાણીના લીધે મચ્છરોનો તથા માખીઓનો ઉપદ્રવ વધી રહ્યો છે. તેના લીધે ગંભીર રોગચાળો ફેલાયતે પહેલાંપાલિકાતથાઆરોગ્યખાતુ ગંભીરતા લઈ પોરાનાશક દવા છાંટી રોગચાળો પગપેસારો કરે તે પહેલાં ડીડીટીનોછંટકાવકરવામાંઆવેસામાકાંઠા વિસ્તારોમાં હાલમાં લગ્ન સાલું હોય પરંતુ અમુક વિસ્તારોમાં ગટરના પાણી તથા વરસાદી પાણીના લીધે દુર્ગંધ મારી રહ્યાં છે. આ દુર્ગંધ મારતાં પાણી ના લીધે મચ્છરો, માખીનો તથા જીવજંતુનો ઉપદ્રવ વધે તેવો ભય છે. અહીં રહેતા લોકો કે જયાં પણી ભરાયેલા છે. તે સામાકાંઠાના વિસ્તાર લોકીવિળડા તથા રામાપીરના મંદિર, નકટાનીવાવ વિસ્તાર, તલાવડી વિસ્તારમાં તેમજ અન્ય વિસ્તારોમાં ખદબદતી ગંદકીના કારણેલોકોમાંરોગચાળોફેલાયતેવીદહેશત હોય આરોગ્ય વિભાગ તથા પાલિકા દ્વારા ડીડીટી પોરાનાશક દવા છાંટવામાં આવે કારણ કે અહીં વરસાદી પાણી સાથે દુર્ગંધ મારતા ગટરના પણ પાણીનું તળાવ ભરેલા હોય અને કાદવકીચડનું સામ્રાજય ફેલાયેલું હોવાથી અને પાણી ભરાયેલા હોય જેથી ચિકનગુનિયા, ડેંગ્યૂ, મેલેરીયા, જેવી ગંભીર બીમારીને અટકાવવા માટે પાલિકા તથા આરોગ્ય ખાતુ ગંભીરતા લઈ તાત્કાલિક ધોરણે પોરાનાશક દવા છાંટવામાં આવે તેવી સામાકાંઠા વિસ્તારોના નાગરિકોમાંથી માંગ ઉઠીછે.

---

### આમંત્રિત મહેમાનો અને દાતાઓની હાજરીમાં

## બાબરામાં રવિવારે રઘુવીર સેના દ્વારા લોહાણા સમાજના ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓનો સરસ્વતી સન્માન સમારોહ

**સરસ્વતી સન્માન સમારોહ સાથે સમુહ જ્ઞાતિ પ્રસાદનું પણ આયોજન**

બાબરા, તા. ૨૬, રઘુવીર સેના બાબરા દ્વારા લોહાણા સમાજના ધોરણ ૧ થી ૧૨ના તેજસ્વી તારલાઓનો ઉત્સાહ વધારવા અને પ્રોત્સાહિત કરવાના ભાગરૂપે આગામી તા. ૨૯/૬/૨૦૨૫ને રવિવારમાં રોજ બપોરે ૩:૩૦ કલાકથી સરસ્વતી સન્માન સમારોહ ૨૦૨૫ સમૂહ જ્ઞાતિ પ્રસાદનું અતિ ભવ્ય આયોજન બાબરા જલારામ મંદિર ખાતે કરેલ છે. બાબરા શહેરના આ તેજસ્વી તારલાઓને સન્માન કરવાપ્રોત્સાહિત કરવા અને તેમનો ઉત્સાહ વધારવા માટે આમંત્રિત મહેમાનો, દાતાઓ લોહાણા સમાજના આગેવાનો સહિત બાબરા લોહાણા સમાજના પરિવારો ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે રઘુવીર સેના બાબરાની સમગ્ર ટીમ સમગ્ર કાર્યક્રમને આખરી ઓપ આપી રહી છે.

---

### અહેમદપુર માંડવી ચેકપોસ્ટ ઉપરથી

## કોડિનારનાં ડોળાસા ગામનાં વેપારી અગ્રણી પીધેલી હાલતમાં ઝડપાયા




અમરેલી, તા. ૨૬

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવને અડીનેઆવેલઅહે. માંડવીચેકપોસ્ટપર નવાબંદર મરીન પોલીસ સ્ટાફ દ્વારા વાહન ચેકીંગ કામગીરી હાથ ધરવામાં આવી હોય ત્યારે દીવ થી દેલવાડા તરફ આવીરહેલજીજે ૩૨ એએ ૮૮૨૪ નંની કારને પોલીસે રોકાવી તપાસ હાથ ધરતા કાર ચાલક ડોળાસાના વેપારી અગ્રણી દિપક હિંમતભાઈ ભુપતાણી રહે. (ઓમકાર ચોક) ઉના દારૂ પીધેલી હાલતમાંમળીઆવતાડ્રીંકએન્ડડ્રાઈવની કલમ એમવી એક્ટ ૧૮૫, પ્રોહી એક્ટ ૬૬(૧)(બી) મુજબ ગુન્હો નોંધી નવાબંદર મરીન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

---

## સાવરકુંડલા ખાતે કાલિદાસ જયંતિની ઉજવણી કરવામાં આવી



સાવરકુંડલા, તા. ૨૬

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં તારીખ ૨૬ જૂન ૨૦૨૫ના રોજ કાલિદાસ જયંતિની ઊજવણી કરવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીનીબહેનોએ મેઘદૂત પર રંગોળી દોરી હતી ઉપરાંત કાલિદાસના જીવન તથા કવન વિશે રિમ્પલ જાનવી તથા પિનલે વાત કરી હતી વિદ્યાર્થીની બહેનોએ પોસ્ટર સ્પર્ધા પ્રોજેકટ ફાઈલો પદાર્થ પ્રદર્શન વગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના કાર્યકારી આચાર્ય ડી.એલ. ચાવડા દ્વારા પ્રસંગને અનુરૂપ વકતવ્ય આપ્યું હતું ડો. પ્રતિમા એમ શુકલે આજના દિવસે શું મહત્વ છે તે સમજાવીને કાર્યક્રમનું સંચાલન કર્યું હતું સમગ્ર કાર્યક્રમનું આભાર દર્શન પ્રા. કે.બી. પટેલે કર્યું હતું સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના સૌ અધ્યાપકમિત્રોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

---

### પ્રજ્ઞેશભાઈ રામાણીએ નોંધાવી ફરિયાદ

## લીલીયાનાં સલડી ગામે ચૂંટણીનાં લીધે યુવકને ઢીકાપાટુનો માર

**સ્થાનિક પોલીસે ૪ વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૨૬

લીલીયા તાલુકાના સલડી ગામે રહેતા પ્રગ્નેશભાઈ રમેશભાઈ રામાણી નામના ૩૨ વર્ષિય યુવકના ગામે ગ્રામ પંચાયતની ચૂંટણી હોય અને તેમાં તે જ ગામે રહેતા આરોપી જીતુભાઈ મનુભાઈ ડેરનાં પિતા ગ્રામ પંચાયતની ચૂંટણી હારી ગયેલ હોય. તે બાબતેનું મનદુઃખ રાખી ગત તા. ૨૫ નાં બપોરના આશરે સાડા ચાર પાંચ વાગ્યાના અરસામાં સલડી ગામના શિવ મંદિરના ઓટા પાસે આરોપી મિલનભાઈ જગાભાઈ ડેરે આ યુવકને ફોન કી તું આ ચૂંટણીમાં બવ વાયડાય કરતો હતો અને તે ગામમાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઉભેલ ઉમેદવારને જોઈ લેવાનું છે તેમ બધા માણસોને વાત કરેલ હતી તો હવે તને હું જોઈ લઈશ. તેવું કહી યુવકને ફોનમાં ધમકી આપી અને બીજા ત્રણ આરોપીઓએ યુવકને ગાળો આપી ઢીકાપાટુનો માર મારી અને ગામમાં જયાં જયાં સામો મળશે ત્યાં માર મારવાની ધમકી આપ્યાની ચાર આરોપી સામે ફરિયાદ નોંધાવી છે.

---

### કળિયુગમાં સતયુગ જેવી ઘટના

## અમરેલી : એસ.ટી.નાં કંડકટરે મુસાફરનુ પાકીટ પરત કર્યુ

**મુસાફરે કંડકટરનો આભાર માન્યો**



અમરેલી, તા. ૨૬

આજના સમયમાં ઈમાનદારી મરી પરવારી છે ત્યારે અમરેલી એસ.ટી. ડેપોના એક ફરજ નિષ્ટ અને યુવા કંડકટરને પોતાની ફરજ દરમ્યાન મળેલ રૂા. ૧૨,૨૦૦ની રોકડ રકમ તેમજ અગત્યના સાથેનું પાકિટ વૃધ્ધ મુસાફરને પરત આપી ઈમાનદારીનું ઉદાહરણ પુરૂ પાડયું હતું.

પ્રાપ્ત વિગત મુજબ ભાવનગર અમરેલી રૂટની એસ.ટી. બસના કંડકટર પ્રકાશ ચૌહાણ બે દિવસ પહેલા પોતાની ફરજ દરમ્યાન બસ અમરેલી ડેપોમાં આવેલ હતી જયા પોતાના ફરજ પુરી થતા બસમાં તપાસ કરતા એક પર્સ મળી આવેલ હતું. જે પર્સ એસ.ટી. કંટ્રોલ રૂમના કર્મચારીઓની રૂબરૂમાં ચેક કરતા તેમાંથી રોકડ રૂા. ૧૨,૨૦૩ તેમજ આરસી બુક આધારકાર્ડ સહિતના અગત્યના ડોકયુમેન્ટ મળી આવેલ હતા. મળી આવેલ ડોકયુમેન્ટના આધારે તપાસ કરતા મિહિરભાઈ ચંદુભાઈ બારીયા રે. સોનગઢ વાળાનું પર્સ હોવાનું માલુમ પડેલ હતું. મૂળ માલિકનો સંપર્ક કરી ખાતરી કરી તમામ રોકડ રકમ ડોકયુમેન્ટ સાથેનું પાકિટ પરત આપવામાં આવેલ હતું. આજના સમયમાં યુવાન કંડકટર ઈમાનદારીનું ઉદાહરણ પુરૂ પાડી એસ.ટી. તંત્રનુ નામ રોશન કરેલ હતું.

---

# અમરેલી : ગજેરા કેમ્પસના DLSS ખેલાડીઓની શુટિંગ ચેમ્પિયનશીપમાં રાજય કક્ષાએ ૨-ગોલ્ડ, ૨-સિલ્વર અને ૨-બ્રોન્ઝ મેડલની સિધ્ધિ






અમરેલી, તારીખ ૫મેથી ૧૧મે ૨૦૨૫ના રોજ ખેલ મહાકુંભ ૩.૦ શુટિંગ ચેમ્પિયનશીપનું આયોજન માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વડોદરા મુકામે યોજાઈ હતી. તેમાં રાજયના વિવિધ જિલ્લામાંથી બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ પાર્ટિસિપેટ કરેલ હતું. જેમાં અમરેલી જિલ્લામાંથી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરન કેમ્પસના જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના અંડર-૧૭ અને અંડર-૧૪ ભાઈઓ-બહેનોએ ભાગ લઈ ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવેલ, જેમાં ૧) ૧૦ મીટર એર રાઈફલ યુ-૧૭ બહેનો પરમાર ધર્મિષ્ઠા રમેશભાઈ ગોલ્ડ મેડલ મેળવેલ, ૨) ૧૦ મીટર એર રાઈફલ યુ-૧૭ ભાઈઓ ડાંગર દર્શન જગદીશભાઈ ગોલ્ડ મેડલ મેળવેલ, ૩) ૧૦ મીટર એર રાઈફલ યુ-૧૪ બહેનો ચાવડા હેતવી સુરેશભાઈ સિલ્વર મેડલ મેળવેલ, ૪) ૧૦ મીટર એર રાઈફલ યુ-૧૭ ભાઈઓ તાવીયા બીપીન જયેશભાઈ સિલ્વર મેડલ મેળવેલ, ૫) ૧૦ મીટર એર રાઈફલ યુ-૧૪ બહેનો વાઘેલા ખુશાલી હરેશભાઈ સિલ્વર મેડલ મેળવેલ, ૬) ૧૦ મીટર એર રાઈફલ યુ-૧૪ ભાઈઓ કાવર ધરમ ધીરેનભાઈ બ્રોન્ઝ મેડલ મેળવેલ સિધ્ધિઓ પ્રાપ્ત કરેલ તેમજ અમરેલી જિલ્લાનું નામ રાજયકક્ષાએ રોશન કરેલ. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ શુટિંગના ખેલાડીઓ તેમજ કોચ પુલકીતા નિમ્બાવાલ અને ટ્રેનર સાવનભાઈ દેસાઈને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

## સ્વચ્છતા અભિયાનનાં કરોડો રૂપિયાનો ખર્ચ બાદ પરિણામ શૂન્ય

# લીલીયા મોટા : જયાં નજર નાખો ત્યાં ગંદકી અને ગંદકી

જનતા જનાર્દન પેટે પાટા બાંધીને વિવિધ કરવેરારૂપે સરકારી તિજોરી છલકાવી રહી છે

જનતાનાં પરસેવાનાં એક-એક પૈસાનો સદ્ઉપયોગ કરવાને બદલે માત્ર તાયફા અને ભ્રષ્ટાચારમાં જ ખર્ચ

જનતા પણ મત આપીને પાંચ વર્ષ સુધી માત્ર સમસ્યાનો જ કરે છે સામનો

ગામનાં પૂર્વ સરપંચ બાબુભાઈ ધામતે તાલુકા વિકાસ અધિકારીને ધગધગતો પત્ર પાઠવ્યો



લીલીયામોટા, તા. ૨૬

લીલીયા મોટા ગ્રામ પંચાયત દ્વારા ઠેર ઠેર કચરાનો ઢગલા અને ગંદકીને લઈને પૂર્વ ગ્રામ પંચાયત ઉપસરપંચ બાબુભાઈ ધામત દ્વારા તાલુકા વિકાસ અધિકારીને પત્ર પાઠવ્યો. જે પત્રમાં જણાવ્યું કે, લીલીયા મોટા ગામના તમામ વિસ્તારોમાં ઘણા સમયથી કચરો સફાઈ, ગટર સફાઈ, કચરા ઉપાડવા બાબતે ગ્રામ પંચાયતના વહીવટી કરતાઓ ઘોર બેદરકારી અને નિષ્ક્રીયતા દાખવેલ છે જેના કારણે શહેર જેવડા લીલીયા મોટા ગામમાં ગંદકીનું સામ્રાજય ફેલાયું છે. ગામની બજાર, રસ્તાઓ ગટરના પાણી, કચરા અને ગંદકીના ઢગલાથી ખદબદે છે. ગામમાં રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી શકયતા છે. ગામના અનેક વિસ્તારના રહીશો દ્વારા એક આગેવાન તરીકે અનેક વખત મૌખિક ફરિયાદ કરતા હોય ત્યારે સ્થાનિક ગ્રામ પંચાયતની સફાઈ, આરોગ્ય સુખાકારીની સગવડતા આપવા બાબતની સક્રિયતા દાખવેલ છે લોકોની રજૂઆતને ધ્યાને પણ લેતા નથી. સરકાર તરફથી સફાઈને લગતા તમામ સાધનો આપેલ છે સરકાર તરફથી સફાઈને લગત લાખો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવેલ છે. આ ઉપરાંત ગ્રામ પંચાયતને વેરામાંથી આવક થાય છે અને ઓકટ્રોઈ જેવી તથા નાણાપંચની અનેક નાણાકીય વ્યવસ્થા સરકાર તરફથી પૂર્તિ સમયસર પૂરી પાડવામાં આવતી હોવા છતાં ગ્રામ પંચાયતના વહીવટ કરતા સરપંચ કોઈ પણ જાતનું ધ્યાન આપતા નથી. લોકોને અને લોકોની રજૂઆતને ધ્યાને લેતા નથી ઉપલા અધિકારીઓની સૂચનાને પણ ઘોળીને પી જાય છે. ત્યારે તાલુકા વિકાસ અધિકારીને વિવિધ વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઈને પણ આ બાબતે તપાસ કરવા પત્ર દ્વારા રજૂઆત કરાય. ટૂંકમાં સરકાર તરફથી પૂરતા સાધનો અને નાણાં ફાળવવામાં આવતા હોવા છતાં કોઈ પરિણામલક્ષી કાર્યવાહી કરવામાં આવતી નથી. સરકારના નાણાનો દૂર ઉપયોગ અને ગેર ઉપયોગ થતો દેખાય છે. આ બાબતે નાણાકીય વહીવટી ખર્ચાઓ પણ તપાસવા જરૂરી છે. ગ્રામ પંચાયતને સફાઈમાં રોકાયેલ ઘણા ખરા સફાઈ કામદારોને પણ છુટા કરેલ છે અથવા અન્ય કામ ઉપર રોકવામાં આવે છે. લીલીયામાં પીવાના પાણીની વ્યવસ્થા સરકાર તરફથી પૂર્ણ કરેલ હોય છતાંપાણી મળતું નથી. તો આ બાબતે યોગ્ય કરવા અને પગલાં ભરવા તાલુકા વિકાસ અધિકારીને પૂર્વ લીલીયા ગ્રામ પંચાયત ઉપસરપંચ બાબુભાઈ ધામત દ્વારા પત્ર પાઠવી રજૂઆત કરાઈ છે.

### એક મહિલા સહિત ૨ સામે ફરિયાદ

## અમરેલીનાં રામપરા શેરી નં.-૫ માં રહેતા યુવક સહિતની બદનામી કરાઈ

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૬

અમરેલીનાં જેશીંગપરા વિસ્તારમાં આવેલ રામપરા શેરી નં. ૫ માં રહેતા વિજયભાઈ લાલજીભાઈ પાથર નામના ૨૮ વર્ષિય યુવક તથા તેમની બહેન તથા મિત્રની બદનામી થાય તે માટે થઈ અમદાવાદ ખાતે રહેતા આરોપી સંજયભાઈ બુટાણી તથા ચિતલ ગામે રહેતા સરીતાબેને આ યુવકની આબરૂને હાની પહોંચશે તથા સમાજમાં તેમની છબી ખરડાશે તેવું જાણવા છતાં ઈરાદાપૂર્વક સમાચારપત્રનાં કટીંગના ફોટા સોશ્યલ મીડિયાનાં માધ્યમથી વોટસએપમાં વાઈરલ કરી યુવકની પ્રતિષ્ઠા તથા તેમના ઉપર લગાડવામાં આવેલ ખોટા ગંભીર આક્ષેપોને કારણે વ્યકિતગત અને સામાજિક જીવનમાં ભારે મુશ્કેલી ઉભી કરી યુવક સહિતનાની બદનામી કર્યાની આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## આમ આદમી પાર્ટીએ ઉમેશ મકવાણાને પાંચ વર્ષ માટે પાર્ટીમાંથી કર્યા સસ્પેન્ડ

અમદાવાદ, તા. ૨૬

આમ આદમી પાર્ટીથી નારાજ ચાલી રહેલા ધારાસભ્ય ઉમેશ મકવાણા વિરુદ્ધ ખૂદ પાર્ટીએ કાર્યવાહી કરી છે. આજે સવારે પોતાની નારાજગી જાહેર કર્યા બાદ હવે આમ આદમી પાર્ટીએ ઉમેશ મકવાણાને પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા છે.

અમદાવાદઃ આમ આદમી પાર્ટીથી નારાજ ધારાસભ્ય ઉમેશ મકવાણાએ આજે આપના તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું. ઉમેશ મકવાણાએ કહ્યુ કે ધારાસભ્ય પદેથી રાજીનામાનો નિર્ણય બોટાદની જનતાને પૂછીને લેવાનો છે.

હવે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રમુખ ઈસુદાન ગઢવીએ કહ્યુ કે પાર્ટી વિરુદ્ધ કાર્યવાહી કરવા બદલ ઉમેશ મકવાણાને પાર્ટીમાંથી પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે.

## બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૬

બાબરા તાલુકાના પંચાલ વિસ્તારના કીડી અને ખંભાળા ગામમાં શાળા પ્રવેશઉત્સવની ભવ્ય ઉજવણી જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ અને મામલતદાર બાબરાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી અહીં ગ્રામ્ય વિસ્તારની શાળામાં ધોરણ ૧ માં પ્રવેશ લેતા ભૂલકાઓ અને આંગળવાડીના બાળકોનું નામાંકન કરી શૈક્ષણિક કીટ આપી શાળામાં અને આંગળવાડી કેન્દ્રમાં ભૂલકાઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો તેમજ અહી ઉપસ્થિત અગ્રણીઓ તેમજ અધિકારીઓ ના હસ્તે શાળાના મેદાનમાં વૃક્ષરોપણ પણ કરવામાં આવ્યું હતું અને તેના ઉછેર અને જતન કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

આ તકે ગામનાં સરપંચ ધીરૂભાઈ ઝાપડિયા, ખાખરીયા સરપંચ વિપુલભાઈ કાચેલા, તાલુકા ભાજપ ઉપ પ્રમુખ કિરીટભાઈ બગડા શાળાના આચાર્ય, સી આર સી, તેમજ શાળા સ્ટાફ અને મોટી સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા

ખુશ ખબર ખુશ ખબર ખુશ ખબર
સારા સમાચાર TATA AIA LIFE INSURANCE સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ફ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૭૯૦૭૧ ૭૦૭૫૫







જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪






### ભારતે ફરીથી વૈશ્વિક મંચ પર અવાજ ઉઠાવ્યો

# ભારતના એક પગલાંથી ગદગદ થઈ ગયું ઈરાન

## ભારતે જે અંદાઝમાં ઈરાનમાં પર હુમલા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે તેને જોતા આખી દુનિયા આશ્ચર્યચકિત થઈ

નવી દિલ્હી, તા.૨૬

ભારતે એકવાર ફરીથી વૈશ્વિક મંચ પર એવો અવાજ ઉઠાવ્યો છે કે આખી દુનિયા સ્તબ્ધ થઈ છે. હંમેશા તટસ્થ રહેનારું ભારત આ વખતે ઈરાન હુમલા પર ચિંતાતુર જોવા મળ્યું. સમગ્ર દુનિયાને એક સંદેશ આપ્યો કે ભારત ખોટા સાથે ઊભું નથી. ઈન્ડિયન એક્સપ્રેસમાં છપાયેલા એક રિપોર્ટ મુજબ બ્રિક્સ દેશો સાથે મળીને ભારતે ઈરાન પર ૧૩ જૂન ૨૦૨૫થી થઈ રહેલી સૈન્ય કાર્યવાહી પર ઊંડી ચિંતા વ્યક્ત કરી. આ હુમલાઓને ભારતે આંતરરાષ્ટ્રીય કાયદા અને સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરનો ભંગ ગણાવ્યો છે. આ પગલાંથી ફક્ત મધ્ય પૂર્વની સ્થિતિ પર જ ભારતનું વલણ સ્પષ્ટ નથી થતું પરંતુ વૈશ્વિક શાંતિ માટે પણ તેની પ્રતિબદ્ધતા દુનિયાએ જોઈ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૫-૬ જુલાઈના રોજ રિયો ડી જનેરિયોમાં થનારા બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેશે. જ્યાં આ મુદ્દો વધુ વિસ્તૃત રીતે ઉઠશે. ભારતના આ વલણથી ઈરાન ખુબ ખુશ છે. ઈરાની દૂતાવાસે દિલ્હીમાં નિવેદન બહાર પાડીને ભારતના સ્વતંત્રતા પ્રેમી લોકો, રાજકીય પક્ષો, સાંસદો, સામાજિક કાર્યકરો, પત્રકારો અને ધાર્મિક નેતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. દૂતાવાસે કહ્યું કે જ્યારે ઈઝરાયેલ અને અમેરિકાએ ઈરાન પર હુમલા કર્યા તો ભારતના લોકોના સમર્થન અને શાંતિ માટે તેમના અવાજે ઈરાની લોકોનો જુસ્સો વધાર્યો.

બ્રિક્સના સંયુક્ત નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ઈરાન પર થયેલા સૈન્ય હુમલા ખાસ કરીને ફોર્ડો, ઈસ્ફહાન અને નતાંજ જેવા પરમાણુ ઠેકાણાઓ પર હુમલા, આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ છે. આ હુમલાઓએ મધ્ય પૂર્વમાં તણાવને વધુ વધાર્યો જે વૈશ્વિક શાંતિ અને અર્થવ્યવસ્થા માટે જોખમ છે. નિવેદનમાં તમામ પક્ષો સાથે વાતચીત અને કૂટનીતિ દ્વારા તણાવ ઘટાડવાની અપીલ કરાઈ. આ સાથે જ નાગરિકોના જાનમાલની રક્ષા, અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાનથી બચાવવા પર ભાર આપવામાં આવ્યો. બ્રિક્સે મધ્ય પૂર્વમાં પરમાણુ હથિયારોથી મુક્ત ક્ષેત્ર બનાવવાની વાત પણ દોહરાવી.

ઈરાની દૂતાવાસે પોતાના નિવેદનમાં કહ્યું કે ભારતનું સમર્થન ફક્ત રાજકીય નથી, પરંતુ તે ન્યાય, કાયદા અને વૈશ્વિક શાંતિના મૂલ્યોની પુષ્ટિ છે. ઈરાનનું માનવું છે કે ભારત જેવા દેશોની એકજૂથતા યુદ્ધ, હિંસા અને અન્યાય વિરુદ્ધ મજબૂત દીવાલ બનાવે છે.

જો કે ભારતે આ અગાઉ શાંઘાઈ સહયોગ સંગઠન(SCO)ના એક નિવેદનથી પોતાને અલગ રાખ્યું હતું. જેમાં ઈઝરાયેલા હુમલાઓની ટીકા કરાઈ હતી. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે ભારતે SCO ના એક નિવેદન પર ચર્ચામાં ભાગ નથી લીધો અને તેનું વલણ ૧૩ જૂનના રોજ જ સ્પષ્ટ કરી દેવાયું હતું. ભારતે ત્યારે પણ કૂટનીતિ અને વાતચીત દ્વારા શાંતિની વકીલાત કરી હતી. ભારતનું આ પ્રકારનું નિવેદન ખાસ કરીને બ્રિક્સ જેવા મંચ પર બોલવું એ નવા ભારતની કહાની દર્શાવે છે. બ્રિક્સના નિવેદનમાં સામેલ થઈને ભારતે ઈરાન સાથે એકજૂથતા દેખાડી ઉલ્ટું દુનિયાને પણ દેખાડી દીધુ કે તે શાંતિ અને આંતરરાષ્ટ્રીય કાયદા માટે કેટલું ગંભીર છે. આ પગલાંએ આખી દુનિયાને ચોંકાવી દીધી છે. ભારતે એકવાર ફરીથી કૂટનીતિક રસ્તા દ્વારા પોતાની એક અલગ રેખા ખેંચી લીધી છે.

### શેરબજારમાં સળંગ ત્રીજા દિવસે તેજી

# સેન્સેક્સ ૧૦૦૦ પોઈન્ટ ઉછળ્યો, નિફ્ટી નવ માસની ટોચે પહોંચ્યો

## શેરબજારમાં સાર્વત્રિક તેજીના માહોલ વચ્ચે રોકાણકારોની મૂડી ૩.૪૬ લાખ કરોડ વધી હતી

મુંબઈ, તા.૨૬

શેરબજારમાં આજે સળંગ ત્રીજા દિવસે આકર્ષક તેજી જોવા મળી છે. વૈશ્વિક સ્તરે જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ દૂર થતાં તેમજ વૈશ્વિક સ્તરે સકારત્મક સંકેતો મળતાં સેન્સેક્સ અને નિફ્ટી ૧ ટકાથી વધુ ઉછળ્યા છે. સેન્સેક્સ અંતે ૧૦૦૦.૩૬ પોઈન્ટ (૧.૨૧ ટકા) ઉછળી ૮૩૭૫૫.૮૭ અને નિફ્ટી ૩૦૪.૨૫ પોઈન્ટ (૧.૨૧ ટકા) ઉછાળે ૨૫૫૪૯ પર બંધ રહ્યો હતો. આ સાથે નિફ્ટી નવ માસની ટોચે પહોંચ્યો છે.

શેરબજારમાં સાર્વત્રિક તેજીના માહોલ વચ્ચે આજે રોકાણકારોની મૂડી ૩.૪૬ લાખ કરોડ વધી છે. બીએસઈ ખાતે આજે ૨૬૦ શેરમાં અપર સર્કિટ વાગી હતી. જ્યારે ૧૨૭ શેર વર્ષની ટોચે પહોંચ્યા હતાં. મેટલ, બેંકિંગ, એનર્જી, પાવર સહિતના શેર્સમાં નીચા મથાળે ખરીદી વધતાં ઈન્ડેક્સ ૧ ટકાથી વધુ ઉછળ્યા હતાં.

શેરબજારમાં સાર્વત્રિક ઉછાળા વચ્ચે રિયાલ્ટી અને આઈટી શેર્સમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. રિયાલ્ટી સેગમેન્ટમાં આજે ૧.૦૪ ટકાનો કડાકો નોંધાયો હતો. જ્યારે આઈટી ઈન્ડેક્સ ૦.૧૪ ટકા કડાકે બંધ રહ્યો હતો. એશિયન શેરબજારમાં ઉછાળાની પણ સ્થાનિક બજારમાં અસર જોવા મળી હતી. જાપાનનો નિક્કેઈ ૨૨૫ અને ચીનનો શાંઘાઈ ગ્રીન ઝોનમાં બંધ રહ્યા હતાં. અમેરિકન શેરબજારમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો.

વૈશ્વિક સ્તરે સકારાત્મક પરિબળો વચ્ચે આજે ડોલર સામે રૂપિયો મજબૂત બન્યો છે. રૂપિયો ૨૧ પૈસા સુધરી ૮૫.૮૭ પર ક્વોટ થઈ રહ્યો હતો. જેના લીધે શેરબજારને ટેકો મળ્યો છે. ભારતીય શેરબજાર માટે ક્રૂડ ઓઈલના ભાવ અને એફઆઈઆઈ વેચવાલીમાં વધારો પડકારરૂપ બની શકે છે. આરબીઆઈએ તેના જૂન બુલેટિનમાં ભારતનો ઔદ્યોગિક અને સર્વિસ સેક્ટરનો ગ્રોથ મજબૂત રહેવાના સંકેતો આપ્યા છે. વૈશ્વિક પડકારો અને જિઓ-પોલિટિકલ જોખમોની અનિશ્ચિતતાઓ વચ્ચે દેશની આર્થિક ગતિવિધિઓ મજબૂત રહેવાના અંદાજ આપ્યા છે.

ગુરુવારે સતત ત્રીજા સત્રમાં ભારતીય બેન્ચમાર્ક સૂચકાંકો, સેન્સેક્સ અને નિફ્ટી ૫૦, એશિયન બજારોમાં વધારા અને ઈઝરાયલ-ઈરાન વચ્ચે સંભવિત યુદ્ધવિરામ અંગે સતત આશાવાદને કારણે ઉછાળા સાથે વેપાર કરતા રહ્યા. સપ્તાહના ચોથા દિવસે શેરબજાર લીલા નિશાન પર ખુલ્યું. BSE પર સેન્સેક્સ ૧૨૨ પોઈન્ટના વધારા સાથે ૮૨,૮૭૭.૬૦ પર ખુલ્યો. બીજી તરફ, NSE પર નિફ્ટી ૦.૧૭ ટકાના વધારા સાથે ૨૫,૨૮૭.૫૦ પર ખુલ્યો હતો.

### શાંતિ અને સમૃદ્ધિ, આતંકવાદ એકસાથે ચાલી શકતા નથી

# નિર્દોષોનું લોહી વહેવડાવનારાઓને અમે બક્ષીશું નહીં : રાજનાથસિંહ

## કોઈપણ દેશ, ભલે ગમે તેટલો મોટો અને શક્તિશાળી હોય, એકલા કામ કરી શકતો નથી : સંરક્ષણ મંત્રીનું ચીનમાં SCOની બેઠકમાં નિવેદન

શાંઘાઈ, તા.૨૬

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ હાલ ચીનમાં SCOની બેઠકમાં હાજરી આપવા પહોંચેલા છે. ચીનના કિંગદાઓ શહેરમાં ચાલી રહેલી SCO (શાંઘાઈ સહકાર સંગઠન) સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે યજમાન ચીન અને પાકિસ્તાનને આતંકવાદ અંગે મોઢે મોઢ જવાબ આપી દીધો હતો. તેમણે કહ્યું કે અમે આતંકવાદ સામે કાર્યવાહી કરતા રહીશું.

રાજનાથ સિંહે કહ્યુ કે નિર્દોષોનું લોહી વહેવડાવનારાઓને અમે બક્ષીશું નહીં. કેટલાક દેશો આતંકવાદના સમર્થક છે. આ મહત્વપૂર્ણ બેઠકમાં પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફ પણ હાજર હતા. પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારત અને પાકિસ્તાન વચ્ચેના કડવા સંબંધો વચ્ચે બંને નેતાઓ પહેલીવાર એક મંચ પર સાથે જોવા મળ્યા.

SCO સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં, રાજનાથ સિંહે તેમના પાકિસ્તાની સમકક્ષ સામે ખુલ્લેઆમ આતંકવાદ અને ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આતંકવાદ સામે અમારી કાર્યવાહી ચાલુ રહેશે. તેમણે કહ્યું, "ભારત માને છે કે સુધારેલ બહુપક્ષીયવાદ દેશો વચ્ચે સંઘર્ષ અટકાવવા માટે સંવાદ અને સહયોગ માટે પદ્ધતિઓ બનાવવામાં મદદ કરી શકે છે. કોઈપણ દેશ, ભલે ગમે તેટલો મોટો અને શક્તિશાળી હોય, એકલા કામ કરી શકતો નથી."

તેમણે વધુમાં કહ્યું, "વાસ્તવમાં, વૈશ્વિક વ્યવસ્થા અથવા બહુપક્ષીયવાદનો મૂળ વિચાર એ માન્યતા છે કે બંનેએ એકબીજા સાથે મળીને તેમના પરસ્પર અને સામૂહિક લાભ માટે કામ કરવું જોઈએ. આ આપણી પ્રાચીન કહેવત છે જે 'સર્વે જન સુખિનો ભવન્તુ' ને પણ પ્રતિબિંબિત કરે છે, જેનો અર્થ બધા માટે શાંતિ અને સમૃદ્ધિ છે."

રાજનાથ સિંહે વધુમાં કહ્યું, "હું એમ પણ માનું છું કે આપણા ક્ષેત્રમાં સૌથી મોટા પડકારો શાંતિ, સુરક્ષા અને વિશ્વાસના અભાવ સાથે સંબંધિત છે. આ સમસ્યાઓનું મૂળ કારણ કટ્ટરવાદ, ઉગ્રવાદ અને આતંકવાદમાં વધારો છે. શાંતિ-સમૃદ્ધિ અને આતંકવાદ એકસાથે ચાલી શકતા નથી. આ પડકારોને સંબોધવા માટે નિર્ણાયક પગલાં લેવાની જરૂર છે અને આપણે આપણી સામૂહિક સલામતી અને સુરક્ષા માટે આ દુષ્ટતાઓ સામેની લડાઈમાં એક થવું જોઈએ."

રાજનાથ સિંહે કહ્યું કે કેટલાક દેશો સરહદ પારના આતંકવાદનો ઉપયોગ નીતિના સાધન તરીકે કરે છે અને આતંકવાદીઓને આશ્રય આપે છે. આવા બેવડા ધોરણો માટે કોઈ સ્થાન હોવું જોઈએ નહીં. જીર્ઝ એ આવા દેશોની ટીકા કરવામાં અચકાવું જોઈએ નહીં. પહલગામ આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરતા સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું, "૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ, આતંકવાદી જૂથ 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' એ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં નિર્દોષ પ્રવાસીઓ પર ક્રૂર અને જઘન્ય હુમલો કર્યો હતો. એક નેપાળી નાગરિક સહિત ૨૬ નિર્દોષ નાગરિકો માર્યા ગયા હતા. ધાર્મિક ઓળખના આધારે પીડિતોને પ્રોફાઈલ કર્યા પછી . યુએન દ્વારા નિયુક્ત આતંકવાદી જૂથ લશ્કર-એ-તૈયબાના પ્રોક્સી એવા રેઝિસ્ટન્સ ફ્રન્ટે આ હુમલાની જવાબદારી સ્વીકારી છે."

કિંગદાઓમાં બેઠક પહેલા, બધા સંરક્ષણ પ્રધાનો સાથે એક ગ્રુપ ફોટો લેવામાં આવ્યો હતો, જેમાં રાજનાથ સિંહ અને ખ્વાજા આસિફે પણ ભાગ લીધો હતો. આ ઉપરાંત, ચીનના સંરક્ષણ પ્રધાન એડમિરલ ડોંગ જુન અને અન્ય નેતાઓએ પણ સંરક્ષણ પ્રધાનોની બેઠકમાં એક ગ્રુપ ફોટો લીધો હતો. સંરક્ષણ પ્રધાનોની બેઠક શરૂ થાય તે પહેલાં, ચીનના સંરક્ષણ પ્રધાન એડમિરલ ડોંગ જુને રાજનાથનું સ્વાગત કર્યું.

અગાઉ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ બુધવારે શાંઘાઈ સહકાર સંગઠન પરિષદમાં ભાગ લેવા માટે ચીનના બંદર શહેર કિંગદાઓ પહોંચ્યા હતા. મે ૨૦૨૦ માં પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર લશ્કરી ગતિરોધ પછી ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં ગંભીર તણાવ પછી આ કોઈ વરિષ્ઠ ભારતીય પ્રધાનની ચીનની પહેલી મુલાકાત પણ છે. કિંગદાઓ એરપોર્ટ પર ભારતીય રાજદૂત પ્રદીપ કુમાર રાવત દ્વારા રાજનાથ સિંહનું સ્વાગત કરવામાં આવ્યું હતું. એવું માનવામાં આવે છે કે બેઠકમાં રાજનાથ સિંહ આજે યોજાનારી બેઠકમાં પાકિસ્તાન સમર્થિત સરહદ પાર આતંકવાદ અને તેને કાબુમાં લેવા અંગે પોતાનો મુદ્દો રજૂ કરી શકે છે.

આ ઉપરાંત, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ તેમના ચીની અને જીર્ઝ કોન્ફરન્સ દરમિયાન રશિયન સમકક્ષો સાથે મુલાકાત થશે. એક બેઠક પણ અપેક્ષિત છે. મુલાકાત માટે રવાના થતા પહેલા, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર એક પોસ્ટમાં કહ્યું, "વૈશ્વિક શાંતિ અને સુરક્ષા માટે ભારતના વિઝનને રજૂ કરવા અને આતંકવાદને નાબૂદ કરવા માટે સંયુક્ત અને સતત પ્રયાસો કરવા માટે આતુર છું."

### ISIને મોકલતો ગુપ્ત માહિતી

# દિલ્હીમાં નેવી ભવનમાં કાર્યરત ક્લાર્ક પાકિસ્તાનનો જાસૂસ નીકળ્યો

## રાજસ્થાન પોલીસની ગુપ્ત વિંગે તેની ધરપકડ કરી છે : આ ધરપકડે દેશની સુરક્ષા એજન્સીઓમાં હડકંપ મચાવી દીધો

નવી દિલ્હી, તા.૨૬

દિલ્હી સ્થિત નેવી ભવનથી એક પાકિસ્તાની જાસૂસની ધરપકડ કરવામાં આવી છે. આરોપી નેવી ભવનમાં અપર ડિવિઝન ક્લાર્ક (UDC)ના પદ પર કામ કરી રહ્યો હતો, તેના પર પાકિસ્તાનની ગુપ્ત એજન્સી માટે જાસૂસી કરવાનો આરોપ છે. રાજસ્થાન પોલીસની ગુપ્ત વિંગે તેની ધરપકડ કરી છે. આ ધરપકડે દેશની સુરક્ષા એજન્સીઓમાં હડકંપ મચાવી દીધો છે. રાજસ્થાન CID ઈન્ટેલિજન્સે આ મોટી કાર્યવાહી કરીને વિશાલ યાદવની બુધવારે (૨૫ જૂને) શાસકીય ગુપ્તચર અધિનિયમ ૧૯૨૩ હેઠળ ધરપકડ કરી હતી.

પોલીસ મહાનિરીક્ષક CID સુરક્ષા વિષ્ણુકાંત ગુપ્તાએ જણાવ્યું કે, પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓ દ્વારા કરવામાં આવતી જાસૂસી પ્રવૃત્તિઓ પર સીઆઈડી ઈન્ટેલિજન્સ રાજસ્થાન સતત નજર રાખી રહ્યું હતું અને આ દેખરેખ દરમિયાન, એવું બહાર આવ્યું હતું કે નેવી ભવન દિલ્હીમાં ડોકયાર્ડ ડિરેક્ટોરેટમાં કાર્યરત વિશાલ યાદવ સોશિયલ મીડિયા દ્વારા પાકિસ્તાની ગુપ્તચર એજન્સીની મહિલા હેન્ડલર સાથે સતત સંપર્કમાં હતો.

આ મહિલાનું નામ પ્રિયા શર્મા હોવાનું કહેવાય છે. તેણે વિશાલને પૈસાની લાલચ આપીને નેવી ભવનથી વ્યુહાત્મક રૂટે મહત્ત્વની ગુપ્ત માહિતીની સૂચના કઢાવવા માટે ઉકસાવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું કે, કે વિશાલ યાદવ ઓનલાઈન ગેમ્સ રમવાનો વ્યસની હતો અને પોતાની નાણાંકીય જરૂરિયાતો પૂરી કરવા માટે તેણે દેશની સુરક્ષા સાથે ચેડાં કરવાનું શરૂ કર્યું હતું. તે પાકિસ્તાની મહિલા હેન્ડલરને સંવેદનશીલ માહિતી આપીને તેના ક્રિપ્ટોકરન્સી ટ્રેડિંગ એકાઉન્ટમાં USDT અને સીધા તેના બેંક ખાતામાં ભંડોળ મેળવતો હતો.

શંકાસ્પદના મોબાઈલ ફોનની ફોરેન્સિક તપાસ બાદ જે ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે તે વધુ ગંભીર છે. તેના મોબાઈલ ફોનમાંથી મળેલી ચેટ્સ અને દસ્તાવેજોના અવલોકનમાં જાણવા મળ્યું કે વિશાલ યાદવે ઓપરેશન સિંદૂર દરમિયાન પણ મહિલા પાકિસ્તાની હેન્ડલરને નેવી અને અન્ય સંરક્ષણ સંબંધિત ગુપ્ત માહિતી પૂરી પાડી હતી. આ દર્શાવે છે કે તે લાંબા સમયથી આ જાસૂસી રેકેટનો ભાગ હતો.

વિવિધ ગુપ્ત એજન્સીઓ દ્વારા જયપુરના કેન્દ્રીય પૂછપરછ કેન્દ્ર પર વિશાલ સાથે સંયુક્ત રૂપે પૂછપરછ કરવામાં આવી રહી છે, સુરક્ષા એજન્સી હવે એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે, આ રેકેટમાં બીજા કોણ-કોણ સામેલ છે અને કેટલી સંવેદનશીલ જાણકારી લીક થઈ છે. આ ધરપકડ એકવાર ફરી એ વાતને રેખાંકિત કરે છે કે, દુશ્મન એજન્સીઓ દેશની અંદર પોતાની ઘૂસણખોરી કરવા માટે વિવિધ ષડયંત્રોનો ઉપયોગ કરે છે અને સોશિયલ મીડિયા તેમાં મહત્ત્વનું માધ્યમ બને છે. સુરક્ષા એજન્સીઓ સામાન્ય જનતાને અપીલ કરે છે કે, સોશિયલ મીડિયા પર કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ અથવા ગતિવિધિ પ્રતિ સાવચેત રહો અને તાત્કાલિક ધોરણે તેને માહિતી આપો.

### ૬ કલાકમાં ૪ ઈંચથી વધુ વરસાદ

# સુરત અને જૂનાગઢમાં મેઘરાજાની તોફાની બેટિંગ

## જૂનાગઢના વિસાવદરમાં ૪.૧૩ ઈંચ, નવસારીના ચીખલીમાં ૩.૯૮ ઈંચ, સુરતના બારડોલીમાં ૩.૪૬ ઈંચ અને કામરેજમાં ૨.૯૫ ઈંચ વરસાદ ખાબક્યો છે

સુરત,તા.૨૬

ગુજરાતમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ અને ઉત્તર ગુજરાત સહિતના જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદી માહોલ જામ્યો છે, ત્યારે છેલ્લા કેટલાક દિવસથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જેમાં આજે ગુરુવારે (૨૬મી જૂન) સવારે ૬ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં ૫૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ સુરતના મહુવામાં ૪.૬૫ ઈંચ, જૂનાગઢના વિસાવદરમાં ૪.૧૩ ઈંચ, નવસારીના ચીખલીમાં ૩.૯૮ ઈંચ, સુરતના બારડોલીમાં ૩.૪૬ ઈંચ અને કામરેજમાં ૨.૯૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, ૨૬મી જૂને અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુરમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ છે. અમરેલી, ભાવનગર, સાબરકાંઠા, પંચમહાલ, નર્મદા, નવસારી, વલસાડમાં યલો એલર્ટ આપવામાં આવી છે. જ્યારે અન્ય જિલ્લામાં સામાન્ય વરસાદની શક્યતા છે. ૨૭થી ૨૯ જૂનની આગાહી

રાજ્યમાં આગામી ૨૭થી ૨૯ જૂન દરમિયાન કચ્છ, મોરબી, દેવભૂમિ દ્વારકા, જામનગર, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, ભાવનગર, અરવલ્લી, મહીસાગર, દાહોદ, નવસારી, વલસાડ, ગાંધીનગર, પંચમહાલ જિલ્લામાં ધોધમાર વરસાદની આગાહી છે. ૩૦ જૂને વલસાડ, નવસારી, તાપી, ડાંગ, બનાસકાંઠા, અમરેલી, ભાવનગર અને ૦૧ જુલાઈના રોજ નર્મદા, સુરત, તાપી, ડાંગ, વલસાડ, ભાવનગર, અમરેલી જિલ્લામાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

### અમદાવાદ પ્લેન ક્રેશની તપાસમાં મોટી સફળતા

# બ્લેક બોક્સની મેમરી એક્સેસ થતાં ડેટા કાઢવાની પ્રક્રિયા શરૂ

## તપાસકર્તાઓએ અમદાવાદમાં દુર્ઘટનાગ્રસ્ત થયેલા એર ઈન્ડિયા વિમાનના બ્લેક બોક્સમાંથી ડેટા રિકવર કરી લીધો છે

નવી દિલ્હી, તા.૨૬

અમદાવાદ પ્લેન ક્રેશની ગુત્થી હવે સુલઝાય તેવું લાગી રહ્યું છે. દુર્ઘટનાગ્રસ્ત પ્લેનના બ્લેક બોક્સને લઈને મોટી અપડેટ સામે આવી છે. તપાસકર્તાઓએ ૧૨ જૂનના રોજ અમદાવાદમાં દુર્ઘટનાગ્રસ્ત થયેલા એર ઈન્ડિયા વિમાનના બ્લેક બોક્સમાંથી ડેટા રિકવર કરી લીધો છે. દુર્ઘટનાગ્રસ્ત એર ઈન્ડિયા વિમાનના ફ્રન્ટ બ્લેક બોક્સમાંથી ડેટા ડાઉનલોડ કરવામાં આવ્યો છે. મેમરી મોડ્યૂલને પણ સફળતાપૂર્વક ઍક્સેસ કરવામાં આવ્યું છે. હાલમાં, આખા મામલાની તપાસ ચાલુ છે. ખરેખર, AAIB અને NTSBએ બ્લેક બોક્સ અને CVRનો ડેટા કાઢવાનું શરૂ કર્યું છે. મેમરી મોડ્યૂલમાંથી ડેટા સફળતાપૂર્વક ઍક્સેસ અને ડાઉનલોડ કરવામાં આવ્યો છે. મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિએશનના જણાવ્યા અનુસાર, CVR અને FDR ડેટાનું વિશ્લેષણ ચાલુ છે. તેનો ઉદ્દેશ દુર્ઘટનાના કારણો શોધીને ભવિષ્યમાં સુરક્ષાને મજબૂત કરવાનો છે.૨૪ જૂનના રોજ નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ જણાવ્યું હતું કે, ૧૨ જૂનના રોજ અમદાવાદમાં દુર્ઘટનાગ્રસ્ત થયેલા એર ઈન્ડિયા વિમાનના બ્લેક બોક્સની તપાસ એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો (AAIB) દ્વારા કરવામાં આવી રહી છે. તેમણે એવી અટકળોને નકારી કાઢી હતી કે બ્લેક બોક્સને તપાસ માટે વિદેશ મોકલવામાં આવશે. લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું વિમાન સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈમથકથી ઉડાન ભર્યાના થોડા સમય બાદ અમદાવાદના રહેણાંક વિસ્તારમાં ક્રેશ થયું હતું. દુર્ઘટનામાં ૨૪૧ મુસાફરો સહિત ૨૭૦ લોકોના મોત થયા હતા. એક મુસાફર બચી ગયો હતો.

એર ઈન્ડિયાના બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાનનું બ્લેક બોક્સ ૧૩ જૂનના રોજ ઘટનાસ્થળેથી મળી આવ્યું હતું. બ્લેક બોક્સ એ એક નાનું ઉપકરણ (ડિવાઈસ) હોય છે, જે ઉડાન દરમિયાન વિમાન વિશેની માહિતી રેકોર્ડ કરે છે. આ ઉપકરણ વિમાન દુર્ઘટનાઓની તપાસમાં મદદ કરે છે. દુર્ઘટના બાદ સરકારે જણાવ્યું હતું કે, દુર્ઘટનાના કારણોની તપાસ માટે ઉચ્ચ સ્તરીય પેનલની રચના કરવામાં આવી હતી, અને તપાસ સરળતાથી આગળ વધી રહી છે.

### મહારાષ્ટ્રમાં રહેતા લોકો માટે એક સારા સમાચાર

# વીજળીના ભાવમાં ૨૬ ટકાનો ઘટાડો કરવામાં આવશે : દેવેન્દ્ર ફડણવીસ

## રાજ્યના ઇતિહાસમાં પહેલી વાર વીજળીના ભાવમાં ૧૦%નો ઘટાડો થશે અને પાંચ વર્ષમાં ૨૬%નો ઘટાડો થશે

મુંબઈ, તા.૨૬

મહારાષ્ટ્રમાં રહેતા લોકો માટે એક સારા સમાચાર છે. રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે બુધવારે મોડી રાત્રે કહ્યું કે આગામી પાંચ વર્ષમાં વીજળીના ભાવમાં ૨૬ ટકાનો ઘટાડો કરવામાં આવશે. પહેલા વર્ષમાં ૧૦ ટકાનો ઘટાડો થશે, જે રાજયના ઈતિહાસમાં પહેલી વાર થશે. ફડણવીસે કહ્યું, રાજ્યના ઈતિહાસમાં પહેલી વાર વીજળીના ભાવમાં ૧૦%નો ઘટાડો થશે અને પાંચ વર્ષમાં ૨૬%નો ઘટાડો થશે. તેમણે મહારાષ્ટ્ર વીજળી નિયમનકારી આયોગ (MERC)નો આભાર માન્યો, જેણે મહાવિતરણની અરજી સ્વીકારી.

તેમણે પોતાની X પોસ્ટમાં લખ્યું છે કે પહેલા મહારાષ્ટ્ર વીજળી નિયમનકારી આયોગ (MERC) પાસે વીજળીના ભાવમાં ૧૦% વધારો કરવા માટેની અરજીઓ આવતી હતી. પરંતુ આ વખતે મહાવિતરણ તરફથી ભાવ ઘટાડવાની માંગ કરવામાં આવી હતી, જેને સ્વીકારવામાં આવી હતી. આ ઘટાડો ત્રણેય પ્રકારના ગ્રાહકો માટે હશે - ઘરેલું, ઔદ્યોગિક અને વાણિજ્યિક. ફડણવીસે જણાવ્યું હતું કે ૧૦૦ યુનિટથી ઓછી વીજળી વાપરનારા ૭૦% લોકોને પહેલા વર્ષમાં ૧૦%નું સંપૂર્ણ ડિસ્કાઉન્ટ મળશે. આનાથી મોટાભાગના ઘરોને રાહત મળશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે મુખ્યમંત્રી સૌર કૃષિ વાહિની યોજના ૨.૦ પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. આનાથી ખેડૂતોને દિવસ દરમિયાન વિશ્વસનીય વીજ પુરવઠો મળશે. ઉપરાંત, ગ્રીન એનર્જી પર ધ્યાન કેન્દ્રિત કરવાથી વીજળી ખરીદવાનો ખર્ચ ઘટશે. ફડણવીસે કહ્યું કે આગામી સમયમાં, સૌર ઉર્જા અને ગ્રીન એનર્જીના ઉપયોગથી વીજળીનો ખર્ચ વધુ ઘટશે. આ નિર્ણય મહારાષ્ટ્રના લોકો માટે મોટી રાહત છે અને રાજ્યને સસ્તી વીજળી પૂરી પાડવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

### ગડકરીએ ટ્વિટ કરી આપી માહિતી

# ટુ વ્હિલર ચાલકો પાસે ટોલ વસૂલવાની વાત ખોટી છે

## ૧૫ જુલાઈથી ટુ-વ્હિલર ચાલકોને પણ હાઈવે પર ટોલ-ફ્રીનો લાભ આપવાનું બંધ કરાશે એવી વાત હતી

નવી દિલ્હી, તા.૨૬

હાલમાં જ એવા અહેવાલ વહેતા થયા હતા કે, કેન્દ્ર સરકાર હાઈવે મુસાફરીને લગતા નીતિનિયમોમાં મોટા ફેરફારો કરવા જઈ રહી છે. આ ફેરફારોના ભાગરૂપે ૧૫ જુલાઈ, ૨૦૨૫થી ટુ-વ્હિલર ચાલકોને પણ હાઈવે પર ટોલ-ફ્રીનો લાભ આપવાનું બંધ કરાશે એવી વાત હતી. જો કે, કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ એક ટ્વિટ કરીને આ વાતનું ખંડન કર્યું છે. આ પહેલા અહેવાલ હતા કે, ટુ વ્હિલર ચાલકો પાસેથી ટોલ ઉઘરાવવાનું સરકારનું પગલું તમામ નાના-મોટા વાહનોને FASTag દ્વારા ડિજિટલ ટોલ કલેક્શન સિસ્ટમના દાયરામાં લાવવાની નીતિનો એક ભાગ છે. હાલ દેશમાં તમામ હાઈવે પર ટુ-વ્હિલરને ટોલમાંથી મુક્તિ છે. તેનું કારણ એ હતું કે રસ્તાના ઘસારા પર આ વાહનોની અસર નહીવત છે. આ ઉપરાંત આ વાહનો પાસેથી ટોલ ઉઘરાવવાનો ખર્ચ પણ વધારે થાય એમ હતો. પરિણામે, ટુ-વ્હિલરને FASTag ખરીદવાની પણ કોઈ જરૂરિયાત ન હતી.

ઉલ્લેખનીય છે કે એવા દાવા કરાયા હતા કે કેન્દ્ર સરકાર હાઈવે મુસાફરીને લગતા નીતિનિયમોમાં મોટા ફેરફારો કરવા જઈ રહી છે. આ ફેરફારોના ભાગરૂપે ૧૫ જુલાઈ, ૨૦૨૫થી ટુ-વ્હિલર ચાલકોને પણ હાઈવે પર ટોલ-ફ્રીનો લાભ આપવાનું બંધ કરવામાં આવશે. જો કે, આ મુદ્દે સરકારે સત્તાવાર જાહેરાત નહોતી કરી. પછીથી કેન્દ્રીય પરિવહનમંત્રી ગડકરીએ આ અહેવાલોને ફગાવતા ખોટા સાબિત કર્યા હતા.

### ભારતના ચીફ જસ્ટિસ બી. આર. ગવઈએ કહ્યું

# ભારતમાં બંધારણ જ સર્વોપરી, સંસદ એના મૂળ માળખા સાથે ખિલવાડ ન કરી શકે

## બંધારણ સર્વોપરી છે અને લોકશાહીના ત્રણેય અંગો ન્યાયપાલિકા, કારોબારી અને વિધાનસભા તેના હેઠળ કાર્ય કરે છે

નવી દિલ્હી, તા.૨૬

ભારતના ચીફ જસ્ટિસ (CJI) બી. આર. ગવઈએ કહ્યું છે કે ભારતનું બંધારણ સર્વોપરી છે અને લોકશાહીના ત્રણેય અંગો ન્યાયપાલિકા, કારોબારી અને વિધાનસભા તેના હેઠળ કાર્ય કરે છે. એટલું જ નહીં, સીજેઆઈએ એમ પણ કહ્યું કે કેટલાક લોકો કહે છે કે સંસદ સર્વોપરી છે, પરંતુ મારા મતે બંધારણ સર્વોપરી છે.

થોડાં દિવસો પહેલા જ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડેએ એક નિવેદન આપ્યું હતું, જેમાં તેમણે કહ્યું હતું કે સંસદ સર્વોપરી છે. એવામાં CJI બી. આર. ગવઈ તેમના વતન અમરાવતીમાં તેમના સન્માન સમારોહમાં સંસદ, ન્યાયતંત્ર અને બંધારણ વચ્ચે સર્વોચ્ચતા પર ચર્ચાને આગળ ધપાવતાં મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. આ અંગે તેમણે કહ્યું હતું કે, ભારતનું બંધારણ દેશમાં સર્વોપરી છે અને લોકશાહીના ત્રણેય અંગો બંધારણ અનુસાર કાર્ય કરે છે. સંસદ પાસે ચોક્કસપણે બંધારણમાં સુધારો કરવાની સત્તા છે, પરંતુ તે ક્યારેય બંધારણના મૂળભૂત માળખા સાથે છેડછાડ કરી શકે નહીં.

CJI ગવઈએ આ દરમિયાન ન્યાયાધીશો વિશે પણ વાત કરતાં કહ્યું કે, સરકાર વિરુદ્ધ આદેશ આપીને કોઈપણ જજને સ્વતંત્ર ન કહી શકાય. જજે હંમેશા યાદ રાખવું જોઈએ કે આપણી ફરજ શું છે અને આપણે નાગરિકોના અધિકારો, બંધારણીય મૂલ્યો અને સિદ્ધાંતોના રક્ષક છીએ. આપણી પાસે ફક્ત સત્તા નથી, પરંતુ તે એક ફરજ પણ છે. CJI એ વધુમાં કહ્યું કે, જજે લોકો તેમના નિર્ણય વિશે શું કહેશે અથવા શું અનુભવશે તેનાથી પ્રભાવિત થવું જોઈએ નહીં. આપણે સ્વતંત્ર રીતે વિચારવું પડશે. લોકો જે કહે છે તે આપણી નિર્ણય લેવાની પ્રક્રિયાને પ્રભાવિત કરી શકતું નથી.

# અમરેલીનાં યુવા નેતા મનિષ સંઘાણીનાં જન્મદિને અનેક સેવાકાર્યો થયા



ગુજરાત પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ, અમરેલી જીલ્લા સહકારી સંઘના પ્રમુખ, ઈન્ટરનેશનલ કો-ઓપરેટીવ યુથ વિંગના ડાયરેકટર, નેશનલ હોર્ડી કલ્ચર રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટના ડારેકટર, એસ.પી. ગૃપ ગુજરાત પ્રદેશ પ્રમુખ, સહકારી-સામાજીક-શૈક્ષણિક સંસ્થાઓ સહિતો યુવાનોના માર્ગદર્શક એવા મનીષ દિલીપભાઈ સંઘાણીના જન્મદિવસ અંતર્ગત વિવિધ સંસ્થાઓ તરફથી અનેકવિધ સામાજીક પ્રવૃતિઓ દ્વારા ઉજવાયેલ. જેમા સાવરકુંડલા તાલુકાના કમી ગામે માનવ સ્મૃતિ જન કલ્યાણ વિકાસ ટ્રસ્ટ દ્વારા વિકલાંગ બાળકોને અલ્પાહાર, ગાયત્રી મંદિર ખાતે શિવ પુજન-આયુષ્ય યજ્ઞ, હોમીયોપેથી સર્વરોગ નિદાન કેમ્પ, યુવા મોરચા દ્વારા બ્લ્ડ ડોનેશન કેમ્પ, મહિલા વિકાસ ગૃહ ખાતે બાળાઓને ભોજન-કિટ વિતરણ, અંધશાળામાં ભોજન, લાઠી રોડ પર ગાયોને ઘાસચારો, સરદારપાર્ક લાઠી રોડ પર વૃક્ષારોપણ-બટુક ભોજન, પ્રતાપપરા ખાતે નિરાધાર બાળકોને ભોજન, કુંકાવાવ ખાતે વૃક્ષારોપણ-ગાયોને લીલો ઘાસાચરો-બાળકોને ફુડ પેકેટ, વાવડી રોડ ખાતે વૃક્ષારોપણ-બટુક ભોજન, વૃધ્ધાશ્રમ (દિકરાનું ઘર) લાઠી રોડ ખાતે વડીલોને ભોજન, બહેરા-મુંગા શાળા અમરેલી મુકબધિર બાળકોને ભોજન, અંધશાળાની બાળાઓને ભોજન, તપોવન આશ્રમ ખાતે વડીલોને ભોજન સાથે જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ તકે મનીષ સંઘાણીના મિત્ર મંડળ સેવા પ્રવૃતિમાં જોડાએલ હતા તેમ અખબારી યાદીમા જણાવાયેલ છે.

### કોઈક સરકારી દવાખાનામાં થાય છે ઉત્તમ સેવા

## સાવરકુંડલાની સરકારી હોસ્પિટલમાં ૨૪ કલાકમાં ૯ બાળકોની પ્રસૃતિ

### તમામ પ્રસૃતિ નોર્મલ રીતે કરવામાં આવી



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલામાં આવેલી કે.કે. મહેતા સરકારી હોસ્પિટલમાં ઐતિહાસિક સિધ્ધીપ્રાપ્ત કરેલ છે માત્ર ૨૪ કલાકની અંદર આ સરકારી હોસ્પીટલમાં ૯ નવજીવન બાળકોને આ સંસારમાં લાવવાનો ગૌરવ મેળવ્યો છે. ડો. હાર્દિક બોરીસાગર દ્વારા તમામ પ્રસૂતિઓ ૯ (નોર્મલ) પ્રસૂતિઓ કરવામાં આવેલ હતી તેમજ ચાલુ માસ દરમિયાન કુલ ૧૩૦ પ્રસૂતિઓ જેમાં ૧૦૦ સામાન્ય (નોર્મલ) અને ૩૦ સીઝરિયન પ્રસૂતિઓનો સમાવેશ થાય છે. આ નવજાત શિશુઓના હસતાં ચેહરાઓ અને તેમના ખિલખિલાટથી આખો નવજીવન વોર્ડ ખુશીથી ગુંજી ઉઠયો હતો. આ તમામ સફળતાઓ પાછળના ડો.હાર્દિક બોરીસાગર અને ડો. ધર્મેશ રામાણી અને તથા સીઝરિયન પ્રસૂતિમાં એનેસ્થેસ્ટિક ડો.દિનેશ સોલંકી પણ ઉતમ કામગીરી કરેલ છે. તેમજ તમામ વોર્ડના નર્સિંગ સ્ટાફની નિસ્વાર્થ સેવા અને મહેનતને શ્રેય આપવો જરૂરી બને છે આ ઉપરાંત અત્રેની સરકારી હોસ્પિટલ સાવરકુંડલા ખાતે ગાયનેક વિભાગમાં સ્ત્રી રોગ માટેની તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે જે ગર્ભાવસ્થા દરમિયાન અને પ્રસૂતિ સમયે શ્રેષ્ઠ કાળજીઓ અને સારવાર પૂરૂ પાડે છે. તેમજ નવજાત શિશુને જન્મની સાથે અપાતાં તમામ વેકિસન પણ આપવામાં આવે છે.


આ ઉપરાંત સુવિધાઓ જનરલ ઓપીડી દાખલ થવાની સુવિધા. માસિકને લગતા તમામ રોગોની સારવાર બાળકો માટે આપતી તમામ રસી, એકસ રે તેમજ લેબોરેટરીની ફ્રી સુવિધા, ડાયાલીસીસની સુવિધા, હડકવા વિરોધી સારવાર કેન્દ્ર, કૂપોષિત બાળકો માટે સારવાર કેન્દ્ર (CMTC), કિશોરી તથા કિશોરી માટે નિદાન, સારવાર તથા પરામર્શ કેન્દ્ર (AFHC), ટી.બી. (ક્ષય)ની સારવાર કેન્દ્ર HIV માટે સારવાર તથા પરામર્શ કેન્દ્ર, દાખલ દર્દી માટે તેમજ તેના સગા માટે જમવાની ફ્રી સુવિધા સરકાર માન્ય તમામ દવાઓ દર્દીઓ માટે ફ્રી સુવિધા, હોમિયોપેથી (દરેક રોગો માટે) સારવારની સુવિધા, ઉમરના દાખલા (વિધવા સહાય તેમજ વૃધ્ધ પેન્શન માટે) તમામ સેવાઓ આયુષ્યમાન કાર્ડ અંતર્ગત ઉપલબ્ધ છે. અને આ તમામ સેવાઓનો લાભ વધુમાં વધુ દર્દી નારાયણને મળી રહે તેવું આયોજન કરવામાં આવેલ છે.

### મેરા યુવા ભારત કેન્દ્ર અમરેલી દ્વારા

## દામનગર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

### યોગવિદ્યા ઋષિકાળથી ભારતમાં ચાલી રહી છે



અમરેલી, તા. ૨૬

ભારત સરકાર, યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય, અંતર્ગત મેરા યુવા ભારત કેન્દ્ર અમરેલી દ્વારા ૨૧ જૂન ૨૦૨૫ ના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિન' નિમિત્તે કન્યા વિદ્યાલય દામનગર ખાતે ઉજવણી રૂપે યોગનું આયોજન કરવામાં આવેલ. મેરા યુવા ભારત કેન્દ્ર અમરેલીમાંથી પધારેલ પ્રવીણભાઈ જેઠવા દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવેલ. બાદમાં એમણે જણાવેલ કે એક પૃથ્વી એક સ્વાસ્થ્ય બાબતે યોગ એ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપયોગી છે એટલે જ તો 'યોગ ભગાવે રોગ' યોગ વિદ્યા ઋષિકાળથી ભારતમાં ચાલી આવે છે પુરા વિને ભારત દ્વારા યોગ વિદ્યા એક અમૂલ્ય ભેટ આપવામાં આવેલ છે. કાર્યક્રમની શરૂઆતમાં પ્રવીણ જેઠવાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ, ત્યારબાદ મહેન્દ્રકુમાર બી ઓઝા આચાર્ય, કન્યા વિદ્યાલય દામનગર, જયદીપ કે ચૌહાણ એન. વાય. વી., ભૌતિક ચૌહાણ એન .વાય.વી. નું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. બાદમાં શાળાની બહેનોને સૂર્ય નમસ્કાર તથા યોગ જયદીપ ચૈહાણ યોગગુરૂ દ્વારા કરાવવામાં આવેલ. આ પ્રસંગે યોગ દિનનું લાઈવ પ્રસારણ શાળના વિદ્યાર્થીઓને મોટા સ્ક્રીન ઉપર બતાવવામાં આવેલ. યોગ દિનમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને કચેરી તરફથી એનર્જી ડ્રિંકની બોટલો આપવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા ગોદાણી ભદ્રેશભાઈ, દીપ્તિબેન ત્રિવેદી, જયદીપ ચૌહાણ, ભવદીપ ચૌહાણ દ્વારા ભારે જહમત ઉઠાવવામાં આવેલ હતી.

### તાજેતરમાં મળેલ બેઠકમાં

## અમરેલીનાં બિલ્ડર એસોસીએશનના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી

### પ્રમુખપદે હિંતમભાઈ સોળીયાને જવાબદારી



અમરેલી, તા. ૨૬

અમરેલી મુકામે અમરેલી બિલ્ડર એસોસીએશન ની જનરલ બોર્ડ ની મીટીંગ ચક્કરગઢ રોડ, ખોડલધામ પાર્ટી પ્લોટ ખાતે રાત્રે સાત કલાકે મળેલ હતી તેમાં એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી અને આવેલ પરિપત્રોની તમામ જાણકારી આપવામાં આવી અને તેમના સોલ્યુશનના ખાત્રી આપવામાં આવી અને અત્યાર સુધી સેવા બજાવેલ બિલ્ડર એસોસિએશનના પ્રમુખ ચંદુભાઈ વોરાએ નિવૃતિ જાહેર કરતા નવી કારોબારીની રચના સર્વાનુમતે કરવામાં આવી અને તમામ બિલ્ડર એસોસિએશન સહકાર આપેલ તેમાં નવા બિલ્ડર એસોસિએશન નિમણૂક કરવામાં આવી તેમાં પ્રમુખ તરીકે હિંમતભાઈ સોળિયા, ઉપપ્રમુખ તરીકે દીપકભાઈ મહેતા, દયાળભાઈ સંઘાણી, રાજુભાઈ શ્યાણી અને મહામંત્રી તરીકે ચંદુભાઈ વોરા, સંજયભાઈ વાગડીયા, દિવ્યેશભાઈ તળાવીયા અને ખજાનચી તરીકે હિરેનભાઈ રાસડીયા, જયસુખભાઈ દેવાણી અને મંત્રી તરીકે મહેશભાઈ જાવિયા, સિધ્ધાર્થભાઈ ઠાકર અને સહમંત્રી તરીકે ચંદુભાઈ ખણેશા, જયંતીભાઈ મનાણીની વરણી કરવામાં આવી છે.

જીગ્નેશભાઈ રામાણી, જતીનભાઈ ચંદારાણા, મનસુખભાઈ ચૌહાણ, ચુનીભાઈ ગજેરા, સંદીપભાઈ ઉભડા, વરૂણભાઈ ધાનાણી, ચંદુભાઈ મેતેલીયા, પારસભાઈ છાત્રોલા સભ્ય તરીકે નોંધાયા છે.

સલાહકાર સમિતિમાં શરદભાઈ ધાનાણી, ભાવિનભાઈ સોજીત્રા નરેશભાઈ સાકરીયા, મહેશભાઈ કાબરીયા, ઘનશ્યામભાઈ કે રૈયાણી, જગદીશભાઈ ટાંક, કેયુરભાઈ ડી રૈયાણી, વિજયભાઈ કાછડીયા, નિમેષભાઈ બામરોલીયા, જયંતીભાઈ ડોબરીયા, ભરતભાઈ નવાપરિયા, બ્રિજેશભાઈ સંપટ, દિનેશભાઈ તલસાણીયા, વિપુલભાઈ બાંભરોલીયા, ટાંક, નરેશભાઈ કાવઠીયા, હાર્દિકભાઈ સેંજલીયાનો સમાવેશ થાય છે.

અને સાથે અમરેલી મધ્યસ્થ સહકારી બેંકના ડિરેકટર તરીકે ડેનીભાઈ રામાણીની નિયુકિત થવા બદલ તેમનું અભિવાદન અને શુભેચ્છા પાઠવેલ સાથે ખોડલધામ પાર્ટી પ્લોટના માલિક દયાળભાઈ સંઘાણીએ જયારે પણ જરૂરીયાત પડે ત્યારે તેમનો પાર્ટી પ્લોટ આપવાની ખાતરી આપેલ.

### પાલિકાનાં પુર્વ પ્રમુખ કાળુભાઈ પાનસુરીયાની માંગ

## અમરેલી પાલિકાનાં વેગસી વેસ્ટ પ્રોસેસિંગની કામગીરીનુ રી-ટેન્ડર કરો

### પાલિકાના પ્રમુખ અને કારોબારી ચેરમેનને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૬

અમરેલી પાલિકાનાં પુર્વપ્રમુખ અને વર્તમાન નગરસેવક કાળુભાઈ પાનસુરીયાએ પાલિકાનાં પ્રમુખ અને કારોબારી ચેરમેન ને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી શહેરના નગરપાલિકા દ્વારા વેગસી વેસ્ટ પ્રોસેસીંગની કામગીરી માટે ઈ-ટેડરિંગની પ્રક્રિયા થી ઓનલાઈન ટેન્ડર આમંત્રિ કરવાની જાહેરાત કરવામાં આવેલ છે. હાલના ચીફ ઓફીસર દ્વારા આ ટેન્ડરમાં અમુક ખાસ શરતો રાખવમાં આવેલ છે જેમ કે, (૧) ટેન્ડરની પ્રી-બીડ મીટીંગમાં ફરજિયાત હાજરી આપવી. તેમજ હાજરીનુ સર્ટિફીકેટ ચીફ ઓફીસર દ્વારા સાઈન કરેલુ હોવુ જોઈએ અને ટેન્ડર સાથે ઓનલાઈન ફરજિયાત સબમિટ કરવું. (૨) વેગસી વેસ્ટના અગાઉ પુર્ણ કરેલ કામમાં ફકત સિમેન્ટ કંપનીને ડીસ્પોઝલ કરેલ હોવુ જોઈએ તેમજ તેની સાથે એગ્રીમેન્ટ કરેલુ હોવુ જોઈએ. અમરેલી નગરપાલિકા સિવાયની ગુજરાતની બીજા તમામા નગરપાલિકા-અ વર્ગ, બ વર્ગ તથા ક વર્ગ-તમામ કેટેગરીની નગરપાલિકામાં આવા સરખા જ ટેન્ડર પહેલા જાહેર થયેલા છે. જેમાં પણ ટેન્ડર હાલમાં પણ ઓનલાઈન છે. પરંતુ બીજી કોઈપણ નગરપાલિકામાં આ પ્રકારની શરતો રાખેલ નથી. જેથી આ દિવા જેવુ સાફ છે કે ઉપરોકત બંને શરતો ચીફ ઓફીસર દ્વારા પોતાની કોઈ માનીતી એજન્સીને ઉંચા ભાવે કામ મળે એ માટેથી ઉપરોકત ટેન્ડરમાં મુકવામાં આવેલ છે. અત્રેજે શરતો રાખવામાં આવેલ છે તેમાં તંદુરસ્ત હરીફાઈ જોવા મળશે નહી. જેથી સંસ્થા રીતે કરોડોનું નુકશાન થઈ શકે છે. આવી શરતો હટાવવામાં આવે તેમજ ફરીથી રી-ટેન્ડરીંગ કરવામાં આવે તેવી માંગ અંતમાં કરવામાં આવેલ છે.

## સાવરકુંડલા ખાતે સર્વરોગ આયુર્વેદ નિદાન સારવાર કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૬

તા.૨૫/૬/૨૫ના રોજ નિયામક આયુષની કચેરી-ગુજરાત રાજય તથા જિલ્લા આયુર્વેદ અધિકારી અમરેલીના માર્ગદર્શન તથા ડો. હેડગેવાર સેવા સમિતિના સહયોગથી સ.આ.દ. ધોબા તા. સાવરકુંડલા જી.અમરેલી દ્વારા ઉતાવળા હનુમાન મંદિર, સાવરકુંડલા ખાતે સર્વરોગ આયુર્વેદ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ નિદાન કેમ્પમાં સારવાર સાથે લોકોને દિનચર્યા તથા ઋતુચર્યા તથા ઋતુજન્ય રોગચાળાથી બચવાના ઉપાયો અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું ૨૧ મો આયુર્વેદિક કેમ્પ ઉતાવળા હનુમાનદાદા મંદિરે જેમાં બહોળી સંખ્યામાં દર્દીઓને લાભ લીધેલ છે. આ નિદાન કેમ્પમાં વૈદ્ય ડી. જે. ખાચર તથા વૈદ્ય અંજુમન શેખે સેવા આપી હતી.

## રાજુલા : મહિલા આર્ટસ તથા કોમર્સ કોલેજ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી



રાજુલા, ૨૬

શ્રીમતી એચ. બી સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે વિ યોગ દિવસની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કોલેજના કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા કેમ્પસ ડાયરેકટર ડો. જીગ્નેશભાઈ વાજા તથા કોલેજ પ્રિન્સીપાલ ડો. રીટાબેન રાવળ તથા રાજય યોગ બોર્ડના તાલીમી શિક્ષક દીપાબેન તેરૈયા તથો તાબેન ધડુક તથા નંદિનીબેન ઝઘડા તથા ધ્રુવી બેન ધડુક તથા સુરભીબેન વાગડીયા તથા એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર જાગૃતીબેન તેરૈયા તથા ભગવતીબેન વડીયા તથા પ્રાધ્યાપકો અને વિદ્યાર્થી બહેનો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆત મહેમાનોના દીપ પ્રાગટયથી કરવામાંઆવેલ. ત્યારબાદ પ્રાર્થનાભાવ સભર શૈલીમાં કરવામાં આવેલ. ત્યારબાદ મહેમાનનું સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ યોગ પ્રશિક્ષક દ્વારા યોગનું મહત્વ સમજાવવામાં આવેલ અને યોગ નિદર્શન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીની બહેનોએ યોગ અભ્યાસ કરેલ. આ સાથે વિવિધ આસનો અને પ્રાણાયામ પણ કરેલ. કાર્યક્રમનું સંચાલન ડો. મિત્તલબેન નાયી દ્વારા સુચારૂ રૂપે કરવામાં આવેલ. મહેમાનોને સ્મૃતિ ભેટ સંસ્થા તરફથી આપવામાં આવેલ. આ સાથે કાર્યક્રમનું આભાર દર્શન સાથે નિયમિતપણે યોગ અભ્યાસના સંકલ્પ લેવામાં આવેલ. સર્વે સંતુ નિરામયાના હેતુને સાર્થક કરવામાં આવેલ. રાષ્ટ્રના યુવા ધનને તંદુરસ્ત અને સામર્થ્યવાન બનાવવાના સંકલ્પને સાર્થક કરવા માટે સુંદર યોગની પ્રવૃત્તિ કરવામાં આવેલ.

### ઝાડ કપાવી પૈસા પંચાયતમાં જમા ન કરવાના બનાવમાં

## બગસરાના મોટા મુંજીયાસરમાં સરપંચ દ્વારા ત્રણ લાખની ઉચાપત થયાનો પોલીસ દ્વારા રીપોર્ટ

### પૂર્વ સરપંચ દ્વારા સસ્પેન્ડ કરવા માંગણી

બગસરા, તા. ૨૬

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે સરપંચ દ્વારા ઝાડ કટીંગ કરાવી તેમાંથી મળેલ રકમ પંચાયતમાં જમા ન કરાવતા આ બાબતની તપાસ પોલીસને સોંપવામાં આવેલ જેમાં પોલીસ તપાસમાં સરપંચની ઉચાપત સાબિત થતા પૂર્વ સરપંચ દ્વારા સસ્પેન્શનની માંગણી કરવામાં આવી છે.

બગસરા તાલુકાના મોટા મુજીયાસર ગામે નવું કૌભાંડ બહાર આવ્યું છે જેમાં બે વર્ષ પૂર્વે ગામના સરપંચ જયસુખભાઈ ખેતાણી દ્વારા ઝાડ કટીંગ કરાવી તે પેટે મળેલ રકમ ૩,૦૦,૦૦૦ (ત્રણ લાખ) પંચાયતમાં જમા કરાવ્યા ન હતા આ બાબતે પૂર્વ સરપંચ રમેશભાઈ સતાસિયા દ્વારા ફરિયાદ કરવામાં આવતા જયસુખભાઈએ તેમને કોઈપણ પ્રકારની જાણ બહાર ઝાડ કટીંગ થયા હોવાનું જણાવ્યું હતું તેમજ લાકડાની ચોરી થયું હોવાનું જણાવ્યું હતું જેની લીધે સમગ્ર પ્રકરણ ની તપાસ પોલીસને સોંપવામાં આવી હતી જેમાં તેમણે બે વર્ષ પૂર્વે ઝાડ કટીંગ કરનારને પૂછપરછ માટે બોલાવતા તેમણે સરપંચના કહેવાથી આ ઝાડ કટીંગ કામ કરેલ હોવાનું જણાવ્યું હતું તેમજ આ પેટે ત્રણ લાખ રૂપિયા સરપંચને આપ્યા હોવાનું નિવેદન પોલીસને આપ્યું હતું પોલીસ દ્વારા સંપૂર્ણ તપાસ કરી ત્રણ લાખ રૂપિયામાં આ ઝાડ કટીંગ થયું હોવાનો અહેવાલ આપી દેવામાં આવ્યો છે આ અહેવાલને આધારે પૂર્વ સરપંચ રમેશભાઈ તથા દ્વારા રમેશભાઈ ખેતાણી એ સરકારી પૈસાની ઉચાપત કરેલ હોય તેમને સસ્પેન્ડ કરી તેમના વિઢદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.


પોલીસ તપાસ કરી રહી હતી ત્યારે ઝાડ કટીંગ કરનાર લોકો દ્વારા પૂછપરછ દરમિયાન સરપંચ દ્વારા પંચાયતે તેમને ઝાડ કટીંગ કરવા માટે આપેલ ઠરાવ રજૂ કરતા સમગ્ર પ્રકરણ સરપંચ વિઢદ્ધ બની ગયું હતું.


ઝાડ કટીંગ કરનાર દ્વારા પોલીસ સમક્ષ નિવેદન આપવામાં આવેલ છે કે સરપંચને ત્રણ અલગ અલગ હપ્તામાં ત્રણ લાખ જેવી રકમ આપવામાં આવેલી હતી.

પોલીસ દ્વારા ઘણા સમયથી અહેવાલ આપી દેવામાં આવેલ છે તેમ છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી કેમ કરવામાં આવેલ નથી તે પ્રશ્ન પણ રમેશભાઈ સતાસિયા દ્વારા ઉઠાવવામાં આવેલ છે.

# અમરેલી : ગજેરા કેમ્પસ ખાતે જ્ઞાનશકિત રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સીલેન્સ ૧ અને ૨માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવાયો




અમરેલી, તારીખ ૨૬ જૂન ૨૦૨૫ના રોજ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સંચાલિતજ્ઞાનશકિતરેસીડેન્સીયલસ્કુલ ઓફ એકસેલન્સ ૧ અને ૨માં કન્યા કેળવણીમહોત્સવઅનેશાળા પ્રવેશોત્સવની ભવ્યઉજવણીકરવામાંઆવીઆપ્રસંગે ૫૬૦જેટલાનવાવિદ્યાર્થીઓનેશાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો. પ્રવેશોત્સવ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા શિક્ષણ અધિકારી મનોહરસિંહ ગોહિલ અધિકારી નિકુંજભાઈ તેમજ પીઆઈ ચૌધરી સાહેબ પીએસઆઈ ભટ્ટ સાહેબ તેમજ સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂટ અને કેમ્પસડાયરેકટરવસંતભાઈ પેથાણીખાસ ઉપસ્થિતરહ્યાહતા.પ્રવેશોત્સવકાર્યક્રમમાં મુખ્ય મહેમાનોનું સ્વાગત કરી બેન્ડ દ્વારા જ્ઞાન શકિત સ્કૂલ બિલ્ડીંગમાં સરસ્વતી માતાને આરતી સાથે વિદ્યાર્થીઓના ઉજજવળભવિષ્યમાટેપ્રાર્થનાકરેલહતી. ત્યારબાદવિદ્યાર્થીઓનેમુખ્યમહેમાનઓ દ્વારા વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી શાળામાં પ્રવેશ કરાવેલ હતો. સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં મળતી સુવિધાઓ જેવી કે સાયન્સ લેબ, અટલ ટીંકરીંગ લેબ, કોમ્પ્યુટર લેબ, લાઈબ્રેરી, વોકેશનલએજયુકેશનડેવલપમેન્ટસેન્ટર તેમજ રમત–ગમત ગ્રાઉન્ડ, શૂટિંગ રેન્જ વગેરે શાળા પરિસરની મહેમાનઓને વિઝીટ કરાવી માહિતગાર કરાવ્યા હતા. મહેમાનોએ અભ્યાસ તેમજ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ માટે ઉપલબ્ધ કરાવેલસુવિધાઓનિહાળીવિદ્યાર્થીઓને બેસ્ટ શાળામાં પ્રવેશ મેળવવા બદલ અભિનંદનપાઠવ્યાહતાસાથેસાથેસંસ્થામાં લેટેસ્ટટેકનોલોજીવાળાએ.આઈ.સિસ્ટમ દ્વારાસંચાલિતસ્માર્ટકલાસનીમાહિતીમેળ વીઅમરેલીજિલ્લામાંવિદ્યાર્થીઓનેમળતું શ્રેષ્ઠશિક્ષણબદલસંસ્થામેનેજમેન્ટનેપણ શુભેચ્છાઓ પાઠવેલી હતી. સ્ટેજ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ મહેમાનોનું પુસ્તકો દ્વારા સ્વાગત કરેલું ત્યારબાદ વિદ્યાર્થીનીઓએ સ્વાગત ગીત રજૂ કર્યુ તેમજ રાજય કક્ષાએ જ્ઞાન શકિતના વિદ્યાર્થીઓએ મેળવેલ સિદ્ધિઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા. સાથે સાથે સેલ્ફડિફેન્સની કૃતિ સરાહનીય રહી હતી. મુખ્ય મહેમાન મનોહરસિંહ ગોહિલના પ્રેરકઉદબોધનમાંવિદ્યાર્થીઓનેજીવનમાં મહેનતકરીઆગળવધવાસાથેશિક્ષણની મહત્વતા સમજાવવામાં આવી તેમજ તમામ વિદ્યાર્થીઓને યોજના અંતર્ગત પ્રવેશ મળવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. તમામ મહેમાનો તેમજ કાર્યક્રમનું સંચાલન અને આયોજન કરેલ તમામ સ્ટાફનો સંસ્થા મેનેજમેન્ટ વતી આભાર વ્યકત કરેલ હતો. નોંધનીય છે કે સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ શાળા પસંદગી શ્રીમતી એસએસ ગજેરા કેમ્પસ સંચાલિત જ્ઞાન શકિતને કરવામાં આવેલ હોય તે તમામ વિદ્યાર્થીઓ વાલીઓ અને સ્ટાફને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા શુભકામનાઓ પાઠવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારોમાં

સાથે ગ્રામ્ય વિસ્તારના હિંડોરણા, છતડીયા, કડિયાળી, પીપાવાવ સહિતના વિસ્તારોમાં અસહ્ય બફારા બાદ વરસાદ વરસતા લોકોએ રાહતનો દમ લીધો હતો.

અમરેલી ખાતે આવેલ કંટ્રોલરૂમ ખાતે સવારે ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીમાં કુંકાવાવ–વડિયામાં ૬૪ મી.મી., બાબરામાં ૪૬ મી.મી., લાઠીમાં ૧૨ મી.મી., અમરેલીમાં ૫૧ મી.મી., બગસરામાં ૧૮ મી.મી., સાવરકુંડલામાં ૩ મી.મી., ખાંભામાં ૨૫ મી.મી. તથા રાજુલામાં ૫૯ મી.મી. વરસાદ નોંધાયો છે.

## પાના ૮ ઉપરનું ચાલું સ્વમાન ન્યુઝ ચેનલનાં પત્રકાર વિરૂધ્ધ

આવેદનપત્રમાં જણાવેલ છે કે, તાજેતરમાં સ્વમાન યુટયુબ ચેનલમાં પત્રકાર ધ્વારા લાખો ધર્મપ્રેમીઓ અને બહોળો સેવક ગણ ધરાવતી અને આદી અનાદીથી સનાતન ધર્મનો પ્રચાર અને પ્રસાર કરી ગાય ગરીબ અભ્યાગત અને નીરાધારો સહીત સાધુ–સંતોનો જયાં કાયમી આશરો છે ત્યાં અવિરત પણે અનેકવિધ સેવાકાર્યો અને સંસ્કૃતિ/પ્રકૃતિનું જયાં કાયમી જતન થાય છે તેવી ગેબી પરંપરાની દેહાણ જગ્યા કે જે ચલાલા, સતાધાર, પાળીયાદની તેમજ અનેક દેહાણ પરંપરાની જગ્યાઓની ગુરૂગાદી છે તેવી ગેબીનાથની જગ્યા તથા ગેબીનાથની પરંપરાના વાહકો સામે યુટયુબ ચેનલના માધ્યમથી તુષારભાઈ બસીયા ધ્વારા પોતાની કોઈ અંગત મન્છાને સિધ્ધ કરવા બેફામ વાણી વિલાસ કરી આ સેવાની કાયમી જયોત જગાવનાર ગેબી પરંપરા વિરૂધ્ધ બેફામ વાણી વર્તન કરી લાખો ભાવિક ભકતોની લાગણી દુભાવવાની અભદ્ર ચેષ્ટા કરતા આજે ગેબી પરંપરાના લાખો ભકતોની તેમના ગૂરૂવર્ય સમાન જાદરાબાપુની તથા તેમના ગાદીપતિઓ તથા તેમના વંશ વારશો વિરૂધ્ધ નિમ્ન કક્ષાના શબ્દ પ્રયોગ કરતા લાખો ભાવિક ભકતો આજે સ્તબ્ધ છે. ત્યારે માત્ર ને માત્ર યુટયુબ ચેનલમાં પોતાના વ્યુવર્સ વધારવા તથા સસ્તી પ્રસિધ્ધિ માટે આજીવન ધર્મ સંસ્કૃતિ સેવાસદભાવના અને સત્ય, પ્રેમ અને કરૂણાને વરાયેલ આખી દેહાણ પરંપરાની ધરોહરને કલંકીત કરવાના અને લાખો ભાવિકભકતોની અને સનાતનની સંસ્કૃતિને આંચ આવે તેવી નિમ્ન કક્ષાની ગેરપ્રવૃત્તિ કરનારને કડકમાં કડક અને નમુનારૂપ કાર્યવાહી થાય તેમજ આવર–નવાર અનેક બુધ્ધિજીવીઓ અને અનેક પ્રબુધ્ધ માનવીઓને છાશવારે પોતાની સ્વમાન યુટયુબના માધ્યમથી પરેશાન કરનાર તુષારભાઈ બસીયાની સ્વામાન યુટયુબ કાયમી ધોરણે બંધ થાય તેવી કાયદેસરની કાર્યવાહી કરી લાખો ભાવિક ભકતોની ધાર્મિક લાગણીઓને ઠેશ પહોંચાડનારની સામે તાકીદે યોગ્ય કાર્યવાહી કરવા આપને નમ્રવિનંતી છે. તદઉપરાંત જો આ વારંવાર હિન્દુ સંસ્કૃતિનું અને દેહાણ પરંપરાનું વારંવાર અપમાન અને બદનામ કરનાર સામે તાકીદે યોગ્ય કાર્યવાહી નહી કરવામાં આવે તો મજબુર થઈ ના છુટકે ગાંધીચિંધ્યા રાહે આંદોલનાત્મક કાર્યવાહી કરવા મજબુર થવુ પડશે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૧૦ | ૧૦૬૮ |
| ૨ | શિંગ મોટી | ૭૪૧ | ૧૧૮૨ |
| ૩ | શિંગદાણા | ૧૨૫૦ | ૧૯૫૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૪૫૫ |
| ૫ | તલ સફેદ | ૧૨૪૦ | ૨૨૭૦ |
| ૬ | તલ કાળા | ૨૧૮૦ | ૩૩૮૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૩૦૦ |
| ૮ | બાજરો | ૩૯૯ | ૫૧૫ |
| ૯ | જુવાર | ૩૧૨ | ૮૧૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૩૯ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૫ | ૫૪૦ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૩૬૫ |
| ૧૩ | ચણા | ૯૩૦ | ૧૧૧૬ |
| ૧૪ | સફેદ ચણા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ૧૫ | છોલે ચણા | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૧૬ | ચોળી | ૧૬૮૦ | ૧૬૮૦ |
| ૧૭ | તુવેર | ૯૫૦ | ૧૨૭૦ |
| ૧૮ | કપાસ | ૮૯૬ | ૧૬૬૦ |
| ૧૯ | એરંડા | ૧૧૪૦ | ૧૨૮૭ |
| ૨૦ | જીરૂ | ૨૪૫૦ | ૩૬૧૫ |
| ૨૧ | ધાણા | ૧૦૭૦ | ૧૨૫૪ |
| ૨૨ | ધાણી | ૧૦૧૫ | ૧૩૩૫ |
| ૨૩ | મેથી | ૬૫૫ | ૮૦૪ |
| ૨૪ | સોયાબીન | ૬૭૧ | ૮૧૧ |

## પાના ૮ ઉપરનું ચાલું કન્યાઓ પણ શિક્ષણથી વંચિત ન રહે

સહિત ૫૧ વિદ્યાર્થીઓને શાળામાં સહર્ષ આવકાર આપવામાં આવ્યો હતો. ધોરણ ૧૧માં ૩૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો.

જિલ્લા કલેકટર ભારદ્વાજના હસ્તે પ્રવેશપાત્ર સૌ ભૂલકાંઓને સ્કૂલ બેગ સહિત શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. તેમણે પ્રવેશપાત્ર તમામ બાળકોને ઉજળાં ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી અને દાતાઓની સેવાને બિરદાવી હતી.

ઉલ્લેખનીય છે કે, સલડી ગામના શિક્ષણપ્રેમી દાતાઓ અને શાળાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને આ તકે સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રી એમ.એમ. યાજ્ઞિક હાઈસ્કૂલ ખાતે 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ' પ્રસંગે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે જણાવ્યુ કે, કન્યાઓ પણ શિક્ષણથી વંચિત ન રહે તે માટે સૌએ સહિયારા પ્રયત્નો કરવા જરૂરી છે. ભારતના ગામડાઓમાં પ્રતિભાઓ છે, તેને શોધવી જરૂરી છે.

કલેકટરે કહ્યુ કે, બાળકો સહિતના ખેલાડીઓ ખેલ મહાકુંભમાં ઉમદા ખેલ પ્રદર્શન કરી રાષ્ટ્રીય કક્ષાએ પણ નામ રોશન કરી રહ્યા છે, રમતગમત ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યા છે અને તે સાથે તે તેમની પ્રતિભાનો પરિચય પણ દુનિયાને કરાવે છે.

વિજ્ઞાન મેળો, ઈન્સપાયર એવોર્ડ, જ્ઞાન સેતુ સ્કોલરશિપ પરીક્ષા, સી.ઈ.ટી., એન.એમ.એમ.એસ., જ્ઞાનસાધના સ્કોલરશિપ ૨૦૨૫–૨૬, માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા ૨૦૨૫માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર શ્રી એમ.એમ. યાજ્ઞિક હાઈસ્કૂલ અને પ્રાથમિક શાળા સલડીના વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે રાષ્ટ્રીય બાળસ્વાસ્થ્ય કાર્યક્રમ અન્વયે શાળાઓમાં વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. જિલ્લા કલેકટરે વિદ્યાર્થીઓની આંખ તપાસણીને સઘન કરવા વિશેષ ભાર આપ્યો હતો.

કાર્યક્રમના અંતે સલડી ગામના સરપંચ અને જિલ્લા કલેકટર સહિત મહાનુભાવોએ શાળાનાં પટાંગણમાં વૃક્ષારોપણ કર્યુ હતુ.

જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે, શાળા એસ.એમ.સી. સભ્યોની બેઠકમાં સૌ સભ્યો સાથે વિવિધ બાબતોને આવરી લેતી ચર્ચા–વિચારણા કરી હતી. શ્રી એમ.એમ. યાજ્ઞિક હાઈસ્કૂલ ખાતે 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ' કાર્યક્રમમાં સલડી સરપંચ, ગ્રામ પંચાયત સભ્યો, આરોગ્ય અધિકારીઓ, શાળાના આચાર્ય, શિક્ષકો, ગ્રામજનો અને વિદ્યાર્થીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૭૦ | ૧૫૭૦ |
| ૨ | તુવેર | ૧૦૦૨ | ૧૦૫૨ |
| ૩ | શિંગદાણા | ૧૪૦૬ | ૧૫૦૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જિણી | ૧૦૩૦ | ૧૦૭૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૦૮૫ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૪ | શીંગ દાણા | ૧૨૫૦ | ૧૫૮૧ |
| ૫ | તલ સફેદ | ૧૫૨૦ | ૨૧૭૦ |
| ૬ | તલ કાળા | ૨૬૫૦ | ૩૩૨૫ |
| ૭ | જીરૂ | ૩૩૦૦ | ૩૫૬૧ |
| ૮ | કપાસ | ૧૪૬૦ | ૧૫૮૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૩૧ | – |
| ૧૧ | બાજરો | ૩૫૦ | ૫૧૨ |
| ૧૨ | જુવાર | ૭૨૫ | – |
| ૧૩ | મકાઈ | ૫૭૬ | – |
| ૧૪ | મગ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૧૫ | અડદ | ૧૦૦૦ | ૧૩૯૯ |
| ૧૬ | ચણા | ૧૦૭૦ | ૧૧૩૫ |
| ૧૭ | તુવેર | ૯૦૦ | ૧૧૨૨ |
| ૧૮ | એરંડી | ૧૧૮૫ | – |
| ૧૯ | મેથી | ૬૪૭ | ૭૦૦ |
| ૨૦ | સોયાબીન | ૭૦૦ | ૭૭૦ |

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં મહેસુલી કર્મચારીએ

આચરી ગેરવર્તન કરી અને ખુલ્લેઆમ વકીલ મંડળ સાથે દાદાગીરીભર્યુ અને અશોભનીય વર્તન કરેલ છે.

મામલતદાર કચેરીના મહેસુલ કલાર્ક જો વકીલ મંડળ સાથે આવું વર્તન કરતા હોય તો સામાન્ય અરજદારો સાથે કેવું વર્તન કરતા હશે તે પણ એક મહત્વનો પ્રશ્ન છે. હાલ તો બાબરા વકીલ મંડળ કુલદીપ હાડા એ કરેલ દાદાગીરીને કોઈપણ સંજોગોમાં સહન નહીં કરવાની તૈયારી બતાવી અને ગેરશિસ્ત અને દાદાગીરી અંગેની ગંભીરતા લઈ તેની સામે શિક્ષાત્મક પગલાં લેવા અને હોદા ઉપરથી દૂર કરી દાખલા રૂપ સજા કરવા માટે બાબરા વકીલ મંડળ અમરેલીના નવા કલેકટરને રૂબરૂ રજૂઆત કરેલ અને આ બાબતે કલેકટરએ વકીલ મંડળને સાંભળી અને તાત્કાલિક આ બાબતે ઘટતું કરવા વકીલ મંડળને ખાતરી આપેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૫૧ | ૧૬૨૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૫૦ | ૧૪૫૦ |
| ૩ | મગફળી | ૯૯૦ | ૧૦૭૦ |
| ૪ | ઘઉં | ૪૮૦ | ૫૧૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૬૦ | ૧૯૧૦ |
| ૬ | તલ કાળા | ૨૫૩૫ | ૩૧૧૫ |
| ૭ | ચણા | ૧૦૪૨ | ૧૦૯૮ |

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૫૫ | ૮૮૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૨ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ૪ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૧ |
| ૫ | મગ | ૧૨૫૦ | ૧૩૭૦ |
| ૬ | તલ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ૭ | તલ કાળા | ૨૪૨૪ | ૨૪૨૪ |
| ૮ | સોયાબીન | ૫૦૦ | ૭૯૪ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૨૫ | ૪૯૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૪૯૨ |
| ૪ | જુવાર | ૫૦૦ | ૮૦૦ |
| ૫ | ચણા | ૭૦૦ | ૧૦૯૦ |
| ૬ | ધાણા | ૧૧૫૫ | ૧૨૨૫ |
| ૭ | શીંગફાડા | ૧૨૦૦ | ૧૨૪૦ |
| ૮ | મગફળી | ૯૫૦ | ૧૦૦૦ |
| ૯ | તલ સફેદ | ૧૦૫૦ | ૧૯૫૦ |
| ૧૦ | સોયાબીન | ૭૦૦ | ૭૮૦ |
| ૧૧ | મગ | ૯૦૦ | ૧૪૦૦ |
| ૧૨ | તુવેર | ૧૦૦૦ | ૧૧૫૫ |
| ૧૩ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૬૪૫ |
| ૧૪ | એરંડી | ૭૬૫ | ૧૧૩૦ |
| ૧૫ | અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૬ | ચણા સફેદ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૭ | ચણા છોલે | ૧૪૧૫ | ૧૪૧૫ |

# દામનગર ખાતે ટ્રાફિક જાગૃતિ સેમિનાર યોજાયો




દામનગર, તા. ૨૬

દામનગર સરદાર પટેલ કન્યા છાત્રાલય નવજયોત વિદ્યાલય પરિસરમાં અમરેલી જિલ્લા ટ્રાફિક પી.એસ.આઈ., વી.વી. ગોહિલની અધ્યક્ષતામાં ટ્રાફિક જાગૃતિ સેમિનાર યોજાયો પરમાર્થ ટ્રસ્ટ સુરત સંચાલિત તદ્દન નિઃશુલ્ક સરદાર પટેલ કન્યા છાત્રાલયની બાળાઓને માર્ગદર્શન ટ્રાફિક નિયમન વ્યવસ્થા માર્ગ સંકેત અવગત કરતા વી.વી. ગોહિલ "લાઈફ ઈઝ પ્રેસિયસ ટેકર કેર ડ્રાઈવ કેરફૂલી" જિંદગી કિંમત છે કાળજી રાખો નો સંદેશ આપ્યો હતો.

પરમાર્થ ટ્રસ્ટ સુરતના ભરતભાઈ માંગુકિયાના માર્ગદર્શન હેઠળ ૧૦૮ લેઉવા પટેલ સમાજની દીકરીઓને વિનામૂલ્યે રહેવા જમવા અને વિદ્યાઅભ્યાસની બેનમૂન વ્યવસ્થાથી પ્રારંભાયેલ સરદાર પટેલ કન્યા છાત્રાલયમાં આગામી ૧૦૦૮ દીકરીઓને દત્તક લઈને ઉચ્ચતર અભ્યાસનું પૂર્ણ લેતા દાતાઓની ઉદારતાથી ખૂબ પ્રભાવિત ખુશી વ્યકત કરતા ટ્રાફિક નિયમન તંત્રના અધિકારીઓ માર્ગ સલામતી અંગે માર્મિક ટકોર સાથે મોટર વ્હીકલ એકટ અને માર્ગ ઉપરના અનેક સંકેતો ચિનહો ગતિ મર્યાદાઓથી સર્વને અવગત કરાયા હતા અકલ્પનિય જાગૃતિ વિસ્તૃત માર્ગદર્શન સાથે સ્થળ પ્રશ્નોતરી કરતા વિદ્યાર્થીઓને સચોટ જવાબો આપ્યા હતા શાળાના આચાર્ય નિયામક પ્રિન્સિપાલ પ્રોફેસર સહિત સમગ્ર શાળા પરિવારની ઉપસ્થિતિમાં ટ્રાફિક અવરનેસ કાર્યક્રમો યોજાયો હતો.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૭૫ | ૧૦૦૧ |
| ૨ | તલ સફેદ | ૧૪૮૦ | ૧૯૭૦ |
| ૩ | તલ કાળા | ૨૬૫૨ | ૩૦૪૦ |
| ૪ | તલ પીળા | ૧૭૦૦ | ૧૮૪૬ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૬ | બાજરો | ૩૯૦ | ૫૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૨૫ |
| ૮ | જુવાર | ૪૦૧ | ૮૮૦ |
| ૯ | મકાઈ | ૬૪૧ | ૬૪૧ |
| ૧૦ | મગ | ૧૨૫૦ | ૧૪૦૧ |
| ૧૧ | ચણા | ૧૦૪૨ | ૧૦૯૭ |
| ૧૨ | સોયાબીન | ૩૫૧ | ૮૦૧ |
| ૧૩ | રાય | ૯૦૦ | ૯૦૦ |




## સલડી ખાતે બાળકોને નવનિયુકત જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે શાળા પ્રવેશ કરાવ્યો

# કન્યાઓ પણ શિક્ષણથી વંચિત ન રહે તે માટે સૌનાં સહિયારા પ્રયત્નો જરૂરી

**બાલવાટિકામાં કન્યા અને કુમાર સહિત ૩૫, ધો. ૧ માં ૩૧ ભુલકાઓએ પા પા પગલી માંડી**

**ધો. ૯માં ૨૦ કન્યા, ૩૧ કુમાર સહિત ૫૧ બાળકોને શાળામાં સહર્ષ આવકાર**

**શિક્ષણપ્રેમી દાતાઓ અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા**

**જિલ્લા કલેકટર સહિત મહેમાનોએ શાળાનાં પટાંગણમાં વૃક્ષારોપણ કર્યુ**













અમરેલી, તા.૨૬

શિક્ષણના માધ્યમથી બાળકોના જીવન ઘડતર માટેની પહેલ એટલે 'શાળા પ્રવેશોત્સવ'. વર્ષ-૨૦૦૩થી ગુજરાતમાં અવિરત ઉજવવામાં આવતા વિદ્યાશકિતના ઉત્સવના ૨૨માં તબક્કાનો આજરોજ રાજયવ્યાપી શુભારંભ થયો છે.

રાજય સરકારના સતત સકારાત્મક પ્રયત્નોથી પ્રાથમિક શાળામાં ડ્રોપઆઉટ રેશિયો સતત ઘટી રહ્યો છે.' શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ' અભિયાનની સફળતાથી શિક્ષણમાં આમૂલ સુધારા આવ્યા છે અને ગુજરાત દેશનું રોલ મોડલ બન્યું છે.

કન્યા કેળવણી મહોત્સવ-શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ ૨૨માં તબક્કાના પ્રથમ દિવસે અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે અમરેલીના સલડી મુકામે શ્રી એમ.એમ. યાજ્ઞિક હાઈસ્કૂલ ખાતે બાલવાટિકા, આંગણવાડી, ધોરણ ૧, ધો. ૯ અને ધો. ૧૧ના ભૂલકાંઓ અને વિદ્યાર્થીઓને અનેરાં ઉમળકા સાથે શાળા પ્રવેશ કરાવ્યો હતો અને સહર્ષ આવકાર્યા હતા.

બાલવાટિકામાં કન્યા અને કુમાર સહિત ૩૫ તેમજ ધોરણ ૧ માં ૩૧ ભૂલકાંઓએ પા પા પગલી માંડી હતી. ધોરણ ૯માં ૨૦ કન્યા, ૩૧ કુમાર

**અનુસંધાન પાના ૬ ઉપર**

## માર્કેટયાર્ડનાં ચેરમેન કાંતીલાલ સતાસીયાની માંગ

# બગસરામાં લાખો રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલ આરોગ્ય કેન્દ્રને શરૂ કરો

**મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવ્યો**



બગસરા, તા. ૨૬

બગસરા માર્કેટયાર્ડનાં ચેરમેન કાંતિલાલ સતાસીયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, બગસરામાં સામુહીક આરોગ્ય કેન્દ્ર અંદાજે ૬ મહીના પહેલા તૈયાર થયેલ છે. બંને લોકોને હુડકોમાં આરોગ્ય કેન્દ્ર ફેરવેલ છે ત્યા જવુ પડે છે.

તો આરોગ્ય કેન્દ્ર ઉદ્‌ઘાટનના વાકે ચાલુ કરેલ નથી તો આ આરોગ્ય કેન્દ્ર વહેલી તકે ચાલુ કરાવો એટલે લોકોને હુડકોની હાલાકી બંધ થાય તુની માંગ કરતા રહ્યા છે.




## ડો. ગજેરાની આગેવાનીમાં આવેદનપત્ર પાઠવાયું

# અમરેલી : સ્વમાન ન્યુઝ ચેનલનાં પત્રકાર વિરૂધ્ધ કાર્યવાહી કરવા માંગ

**કાર્યવાહી ન થાય તો આંદોલનની ચીમકી**





અમરેલી, તા.૨૬

અમરેલી એએચસપીનાં આગેવાનોએ ડો. ગજેરાની આગેવાનીમાં આગેવાનોએ જિલ્લા કલેકટર ને આવેદનપત્ર પાઠવ્યું.

**અનુસંધાન પાના ૬ ઉપર**







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)